શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

Vibrant PANCHOLI SAMAJ 2020

# પંચોલી નવયુગ




સુવર્ણ જયંતિ અધિવેશન સ્થળ – ઈનડોર સ્ટેડીયમ – સુરત



ઓકટોબર–૨૦૧૨ અંક ૧૦ વર્ષ ૫૧ સળંગ અંક ૩૯૧

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી

# શ્રદ્ધાંજલિ



**સ્વ. સાકરલાલ નાથુભાઈ પચ્ચીગર**

જન્મ તા. ૦૬.૧૨.૧૯૨૧     અવસાન : ૨૦.૦૯.૨૦૧૨

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે... કર્મ એવા કર્યા, કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે...
દુઃખથી કદી ડર્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં...
ધર્મ કદી ભુલ્યા નહીં... સુખ દુઃખમાં સદાય હસતાં રહ્યા..
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એવી અમારા સૌની હૃદયાંજલી

## અર્પણકર્તા

સ્વ. લક્ષ્મીબેન હસમુખલાલ ઝવેરી
શ્રી નયનકુમાર સાકરલાલ પચ્ચીગર
શ્રીમતિ જ્યોતિબેન નયનકુમાર પચ્ચીગર
શ્રી નિલય નયનકુમાર પચ્ચીગર
શ્રીમતિ વિધિ નિલયકુમાર પચ્ચીગર
ચિ. આશ્વી નિલયકુમાર પચ્ચીગર
૫/૭૪, ધોબીશેરી, હરીપુરા
સુરત - ૩૯૫ ૦૦૩
મો. : ૯૭૧૨૭ ૬૩૧૫૬

સ્વ. મદનબેન સાકરલાલ પચ્ચીગર
શ્રી જીતેન્દ્રભાઈ સાકરલાલ પચ્ચીગર
શ્રીમતિ વર્ષાબેન જીતેન્દ્રભાઈ પચ્ચીગર
શ્રી પ્રતિષ જીતેન્દ્રભાઈ પચ્ચીગર
શ્રીમતિ ખુશ્બુ પ્રતિષ પચ્ચીગર
અમેરીકા(યુ.એસ.એ.)
મો. ૦૦૧ ૨૨૯૪૬૦૮૨૦૦

ચંદ્રિકાબેન વ્રજલાલ પચ્ચીગર     ઉષાબેન ભગવતી પ્રસાદ પચ્ચીગર
ઈલાક્ષીબેન સુરેશચંદ્ર રૂવાલા

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**ઓક્ટોબર-૨૦૧૨**

**પંચોલી નવયુગ**

રજી. નં.: A/1822 ભરૂચ

**પ્રકાશનનું સ્થળ**

૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

| | |
|---|---|
| **પ્રકાશન સામયિકતા** | : માસિક |
| પ્રકાશક તંત્રીનુંનામ | : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી |
| મુદ્રકનુંનામ | : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી |
| મુદ્રકનુંસરનામું | : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨ |
| માલિકી ધરાવનાર મહામંડળ. | : શ્રી પંચોલી સેવા સમાજ, બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર |

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કહું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ` ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ` ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ` ૨૫૦૦/- |
| કલર પેજ (એક ફોટો ફ્રી) | ` ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ` ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ` ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ` ૬૫૦/- |
| પા પેજ | ` ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ` ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

| | |
|---|---|
| નવયુગ શુભેચ્છક | ` ૧૫,૫૫૫/- |

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

| | |
|---|---|
| નવયુગ શુભચિંતક | ` ૨,૫૨૫/- |

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક કિંમત | ` ૫/- |
| વાર્ષિક લવાજમ | ` ૫૦/- |
| નવયુગ શુભેચ્છક | ` ૧૫,૫૫૫/- |
| નવયુગ શુભચિંતક | ` ૨,૫૨૫/- |

# તંત્રીશ્રીની કલમે......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

વિઘ્નહર્તા ગણેશજીએ આપણું આતિથ્ય માણ્યું અને એની વિદાય આપણે સૌએ માણી.. ત્યારબાદ પિતૃતર્પણના શ્રાદ્ધપક્ષની શરૂઆત પણ થઇ ગઇ. એક આપણો ભારત દેશ જ એવો છે કે જ્યાં પુત્રો પિતૃઓને યાદ કરી શ્રાદ્ધપર્વમાં તર્પણ કરી તૃપ્ત કરે છે.... એ છે આપણી સંસ્કૃતિ... આપણાં સંસ્કારો....આ સંસ્કારોની પરંપરા ચાલતી રહે એવી આશા રાખું છું.

દિવાળીના દિવસો નજદીકમાં આવી રહ્યા છે... દિપોત્સવી અંક માટેની જાહેરાત મોકલવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર આપી હતી. હજી જાહેરાત મોકલવામાં ક્યાસ રહી છે... તો જેમણે જાહેરાત ન મોકલી હોય તઓ જેમ બને એમ જલ્દીથી જાહેરાત મોકલાવશો તો આપણે સુંદર અને દળદાર અંક પ્રકાશિત કરી શકીશું....

દરેક એકમના પ્રમુખશ્રી-મંત્રીશ્રી જેમ બને એમ જલ્દી હવે જાહેરાત એકત્ર કરવાનું કાર્ય શરૂ કરી દેશો.... અને પોતે જાહેરાત આપે ત્યારબાદ બીજા પાસે જાય એનો પ્રભાવ કંઇક જુદો જ પડશે.... આ કાર્ય સમાજનું છે... નવયુગનું છે.. નવયુગને આપણે વરસો વરસ ચલાવવું છે... અને દરેક જ્ઞાતિજનોને ઘરોઘર પહોંચાડવું છે.... તો ચાલો સૌ એક બની નવયુગ માટે કામ કરી નવયુગને આર્થિક રીતે સધ્ધર કરીએ....

તા. ૮ અને ૯ સપ્ટેમ્બરના રોજ મહામંત્રી ભરતભાઇ, ખજાનચી અધ્યક્ષ ડૉ. મહેશભાઇ મિસ્ત્રી તથા સહમંત્રી ચંદ્રકાંતભાઇ સાથે પાલ વિભાગની મુલાકાત લેવાની સુંદર તક મળી અને ઝડપી લીધી... સૌની લાગણી અને આતિથ્યભાવ અમે માણ્યો... સૌને અમે પણ સક્રિય થવા સમજાવ્યા..સૌએ સક્રિય બનવાના વચન પણ આપ્યા... ખૂબ આનંદ થયો...પાલ વિભાગના સૌ કાર્યકરોનો આભારી છું... મુલાકાતના પરીણામો ધીરે ધીરે શરૂ થઇ ચુકયા છે... પાલવિભાગની જ દિવાળીની જાહેરાતો આવવાની શરૂ થઇ ગઇ છે.... તો ચાલો સુરત, વ્યારા, અમદાવાદ, મુંબઇ, વડોદરા, રાજપીપલા, બોડેલી, સંખેડા જાગો....ઉતાવળ કરો..આશા રાખું છું કે જેમ બને એમ જલ્દી જાહેરાતો મેળવી મોકલી આપશો. ગ્રામ્ય વિભાગના જ્ઞાતિજનોને પણ વિનંતી કે તેઓ પણ નવયુગને જાહેરાત આપે.... આપ સૌના સાથ સહકારની અપેક્ષા અસ્થાને નથી.. તો ચાલો હવે ફરી મળીશું નવા વર્ષે દિપોત્સના દળદાર અંક સાથે....અસ્તુ

દિનેશ મિસ્ત્રી

# પ્રમુખ નોંધ....

ગીરીશચંદ્ર આઇ. ગજ્જર-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

વ્હાલા જ્ઞાતિજનો

નમસ્કાર, આપ સૌ કુશળ હશો અને આનંદમાં હશો. અધિવેશન અંગેની માહિતી સપ્ટેમ્બર માસના નવયુગમાં આપ સૌ વાંચીને માહિતગાર થઇ ગયા હશો. આવનારા દિવસોમાં આપણે ભેગા મળીને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના ૫૦ વર્ષની પૂર્ણાહુતી કરીને સુવર્ણ જયંતિ નિમિત્તે સુવર્ણ જયંતિ અધિવેશનની ઉજવણી માટે તૈયાર રહીશું અને એક યાદગાર અને ચિરઃસ્મરણિય પળોને આનંદ ઉત્સાહથી વધાવીને ઉજવણી કરતાં કરતાં ૨૦૧૨ના વર્ષને વિદાય આપીશું.

અગાઉના નવયુગમાં પ્રમુખ નોંધમાં મારા ઉલ્લેખ મુજબ દર વર્ષે શ્રાવણ માસના આગમન થતાં જ તહેવારોની હારમાળા શરૂ થઇ જાય છે. અને આપણને પવિત્ર શ્રાવણમાસમાં આપણી ધાર્મિક લાગણી અને ભાવનાઓને ખૂબ આનંદથી માણી છે. સાથે સાથે રક્ષાબંધન-જન્માષ્ટમીની ઉજવણી કરીએ છીએ. આપણી સંસ્કૃતિની આ પરંપરા સાચવી આપણે દરેક પ્રસંગોને તહેવારોને ખુશી આનંદથી ઉજવતા હોઇએ ત્યારે એક ચોક્કસ આશા રાખી શકાય કે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને ૫૦ વર્ષ પૂર્ણ કરી આગળ પ્રગતિ કરતાં રહી આપણો સુવર્ણ જયંતિ અધિવેશન પણ ખૂબ આનંદ અને ઉલ્લાસથી ઉજવીશું અને આ પ્રસંગે સર્વે જ્ઞાતિજનો તન-મન-ધનથી સહકાર આપે એવી આશા રાખું છું.

સપ્ટેમ્બર માસ એટલે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળમાંથી શૈક્ષણિકસહાય - વિધવા સહાય, વિકલાંગ અને નિરાધાર સહાયના અરજીપત્રક સ્વીકારવાનો અંતિમ એટલે કે વર્ષનો છેલ્લો મહિનો હોય છે. અગાઉ આ અંગે જરૂરીઆતમંદ જ્ઞાતિજનો કે વિદ્યાર્થી મિત્રોને આ અંગેની જાણકારી આપી હતી અને તે મુજબ દરેક જ્ઞાતિજનો ધ્યાનમાં લઇ શૈક્ષણિક સહાય અને વિધવા સહાય કે વિકલાંગ અને નિરાધાર સહાયની અરજીપત્રક સૌ જરૂરીઆતમંદ વ્યકિતએ જે તે સુચના મુજબ મોકલી આપ્યા હશે એવી આશા રાખું છું.

સુવર્ણ જયંતિ પ્રસંગે એક વધુ સારો અવસર સમાજ સુરક્ષા યોજના અંગે પ્રાપ્ત થયેલ છે. ગત માસના નવયુગમાં સમાજ સુરક્ષા યોજનાની વિગતવાર માહિતી આપેલી હોય તે ધ્યાનમાં લઇ આપ સૌ જાગૃત થઇ વહેલામાં વહેલી તકે ફોર્મ ભરી સભ્ય બનશો અને બનાવશો અને આ યોજનાને વધુ સફળ બનાવશો એવી આપ સૌના સહકારની ભાવના રાખીએ એવી વિનંતી છે.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ વેબસાઇટ અંગે પણ જાણકારી વારંવાર આપવામાં આવે છે છતાં પણ પ્રગતીશીલ એકમો આ અંગે કયાં મુઝવણ અનુભવે છે ? દરેક એકમના હોદ્દેદારોને ખાશ ફરી વિનંતી છે કે તમારા એકમના જ્ઞાતિજનોની માહિતી એકત્ર કરી વેબસાઇટ પર અપલોડ કરાવો જેથી આપણને સમસ્ત વિશ્વમાં વસતા જ્ઞાતિજનોનો પરિચય કેળવી શકીએ અને ઉપયોગી થઇ શકીએ. વેબસાઇટ કમીટીના અધ્યક્ષશ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી આ અંગે વારંવાર જાણકારી આપે છે છતાં પણ આ અંગે ઉદાસીન ન રહેતા શ્રી હેમંતભાઇનો સંપર્ક કરી આ અંગે જરૂરી કાર્યવાહી તુરત કરશો એવી વિનંતી છે.

વધુમાં આપણી જ્ઞાતિના વિદ્યાર્થી મિત્રોને ખાશ જણાવવાનું કે સુરત ખાતે આપણી જ્ઞાતિના શ્રી હેમંતભાઇ મિસ્ત્રી પોતે તેનું કૌટુંબીક ટ્રસ્ટ કે જે એલ.સી.ગૃપ તરીકે જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય કરે છે તો જરૂરીઆતમંદ વ્યકિત એલ.સી.ગ્રુપના ફોર્મ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી - મો. ૯૯૨૪૨ ૧૧૦૨૨ પાસેથી માહિતી મેળવી શૈક્ષણિક મદદ મેળવશો એવી વિનંતી છે.

સર્વ જ્ઞાતિજનોને ખાશ જણાવવાનું કે સુવર્ણ જયંતિ અધિવેશન અંગેની તમામ માહિતી નવયુગમાં અલગથી આપેલી જ છે તે વાંચી તે મુજબ તમારી જાહેરાત/યોગદાન મોકલાવશો એવી વિનંતી છે. તેમજ દરેક એકમના જ્ઞાતિજનો અધિવેશનના જાહેર થયા મુજબના કાર્યક્રમોમાં ભાગ લેવા ઇચ્છા રાખતાં હોય તો દરેક પ્રસંગોની અલગથી સીડી./ડી.વી.ડી. બનાવી તા. ૩૧.૧૦.૨૦૧૨ પહેલાં જરૂરથી પોતાના એકમના પ્રમુખશ્રી/મંત્રીશ્રી મારફત મોકલશો. દરેક એકમના પ્રમુખશ્રી/મંત્રીશ્રીને ખાશ વિનંતી છે કે અધિવેશનમાં હાજર રહેવા માટે રસ ધરાવનારના નામો નોંધી લીસ્ટ બનાવી ડેલીગેશન ફી સાથે મોકલાવશો. જેથી લીસ્ટ મુજબ પ્રવેશપાસ આપવાની સરળતા રહે અને મુશકેલીઓ માંથી બચી શકાય. દરેક જ્ઞાતિજનોને વિનંતી કે તમારા ડેલીગેશનની નોંધણી તમારા એકમના પ્રમુખ/મંત્રી પાસે જ કરાવીને મોકલશો. ડાયરેકટ સુરત કોઇપણ એકમની વ્યકિત ડેલીગેશન ફી જમા કરાવી શકશે નહીં જયાં એકમ ના હોય ત્યાંની વ્યકિત નજીકના એકમના પ્રમુખશ્રી/મંત્રીશ્રી મારફત જ મોકલશો એવી ખાશ વિનંતી છે.

આઓ આપણે સૌ ભેગા મળી આવનાર પ્રસંગને આનંદથી ઉજવણી કરીએ, સૌના સહકારથી આ પળોને યાદગાર અને ચિરઃસ્મરણિય બનાવીએ અને સૌ સાથ સહકાર આપશો એવી આશા રાખું છું...હમ સબ પંચોલી એક હૈ

અસ્તુ.....

# મહામંત્રી નોંધ....વિઝન ૨૦૨૦

શ્રી ભરતભાઇ સી. પંચોલી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

વ્હાલા જ્ઞાતિજનો

તા. ૮.૯.૨૦૧૨ને શનિવારના રોજ પંચોલી સેવા સમાજ મહામંડળના મહામંત્રી શ્રી ભરતભાઇ, ખજાનજી બોર્ડના અધ્યક્ષ ડો. મહેશભાઇ મિસ્ત્રી તથા નવયુગ તંત્રી શ્રી દિનેશભાઇ મિસ્ત્રી વિઝન ૨૦૨૦ના વાયબ્રન્ટ વિચારો એકમોમાં પહોંચાડવા મહામંડળને તથા એકમોને સક્રિય કરવા માટે પાલ વિભાગનો શુભેચ્છા મુલાકાતનો શુભારંભ રાજપીપલા મુકામેથી કર્યો.

સાંજે ૫.૦૦ કલાકે રાજપીપલા એકમના પ્રમુખશ્રી સુરેશભાઇ, મંત્રીશ્રી જયેશભાઇ મહામંડળના સહમંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ તથા ત્યાંના કારોબારી સભ્યો સાથે વિધવા નિરાધાર સહાય મેળવતા લાભાર્થીઓની મુલાકાત લીધી. રાજપીપલા એકમના મંત્રીશ્રી જયેશભાઇને ત્યાં રાત્રી ભોજન લઇ મહામંડળના સહમંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ પંચોલીના નિવાસસ્થાને રાજપીપલા એકમના કારોબારી સભ્યો તથા મહિલા મંડળના સભ્યો સાથે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ભરતભાઇએ સી.ટી.સ્મારકનિધિ, તબીબી સેવા સંકુલ તથા જરૂરીઆતમંદોને અપાતી સહાય માટેની માહિતી આપી. ડો. મહેશભાઇ મિસ્ત્રીએ સમાજ સુરક્ષા યોજનાનો હેતુ અને વિવિધ પાસાની માહિતી આપી. વર્ષના અંતે ૨૦૦૦ સુધીના સભ્યો થાય તો ૪૦,૦૦૦ હજાર સુધીની મદદ આપી શકાય માટે વધુમાં વધુ સભ્યો બનાવવા પ્રયત્નો કરવા સમજાવ્યું.

ત્યારબાદ અંકલેશ્વર મુકામે યોજેલ વિઝન ૨૦૨૦માં થયેલ ચર્ચાની વિશેષ માહિતી આપી. એકમો સક્રિય હોય તો જ મહામંડળ સક્રિય બને એ માટેની પોઇન્ટ સીસ્ટમની વિગતવાર માહિતી આપી. શ્રી દિનેશભાઇએ દિપોત્સવીઅંકની જાહેરાત માટે વિનંતી કરી...આઇસક્રીમને ન્યાય આપી છુટા પડયા.

બીજે દિવસે રવિવારે સવારે ઓવરફ્લો થતા સરદાર સરોવરની મુલાકાત લીધી...ત્યાંથી સીધા નસવાડી તરફ પ્રયાણ કર્યુ... નસવાડી એકમના પ્રમુખ શ્રી અંબુભાઇ શનાભાઇ પંચોલીના નિવાસસ્થાને એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાં સૌને એકમને સક્રિય કરવાની માહિતી આપી સમાજ સુરક્ષા યોજનામાં વધુને વધુ સભ્યો જોડાય એવી અપીલ કરી હતી. અલ્પાહારને ન્યાય આપી કવાંટ તરફ પ્રયાણ કર્યુ. સુંદર કુદરતી સૌંદર્યનું સાનિધ્ય માણતાં કવાંટ મુકામે પહોંચ્યા. કવાંટ એકમના પ્રમુખશ્રી બિપીનચંદ્ર ચંદુલાલ પંચોલીના નિવાસસ્થાને પહોંચ્યા.. ભોજનને ન્યાય આપી સ્વ. મુળજીભાઇને ત્યાં મિટીંગનું આયોજન કર્યુ હતું. ત્યાં મોટી સંખ્યામાં ભાઇઓ તથા મહિલા મંડળની બહેનો હાજર રહી હતી. સૌને ૨૦૨૦ સુધીમાં મહામંડળનો ઉચ્ચ લક્ષ્યાંકને આંબવા એકમોને સક્રિય કરવાની માહિતી આપી હતી. મહામંડળની સમાજ સુરક્ષા યોજનામાં જોડાવા અપીલ કરી હતી. અધિવેશન, મહામંડળની સામાન્ય સભા યોજાય ત્યારે મોટી સંખ્યામાં હાજર રહેવા સમજણ આપી હતી. ત્યારબાદ વરસતા વરસાદમાં છોટાઉદેપુરની મુલાકાત લીધી હતી. છોટાઉદેપુરના પ્રમુખશ્રી વિઠ્ઠલભાઇ પંચોલીના નિવાસ સ્થાને મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળના બહેનો પણ હાજર રહ્યા હતાં. સૌને વાયબ્રન્ટ સમાજ બનાવવાની અપીલ કરવામાં આવી હતી. અધિવેશનમાં પધારવા વિનંતી કરી હતી. સમાજ સુરક્ષા યોજનામાં પણ વધુ સભ્યો બનાવવા અપીલ કરી હતી. અંતમાં આઇસક્રીમને ન્યાય આપી તેજગઢ રવાના થયા.

તેજગઢ એકમના પ્રમુખશ્રી નારણકાકાએ અમને સૌથી મોટી સરપ્રાઇઝ આપી. નાના એકમમાં સમાજની નાની છતાં સુંદર વાડીમાં વરસતા વરસાદમાં એકમના સૌ સભ્યો તથા મહિલા મંડળના સૌ સભ્યોને એકત્ર કર્યા હતા. સૌને વિઝન-૨૦૨૦, અધિવેશન, સમાજ સુરક્ષા યોજના, મહિલા મંડળને સક્રિય એકમની પોઇંટ સીસ્ટમ વિગેરેથી વાકેફ કર્યા. નાસ્તાને ન્યાય પાવી જેતપુર ગયા.

પાવી જેતપુરમા પ્રમુખશ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના નિવાસ સ્થાને કનુભાઇ પંચોલીના પ્રયત્નોથી એકમના સભ્યો તથા મહિલા મંડળની બહેનો હાજર રહ્યા હતા. એમને વિવિધ પ્રવૃત્તિથી માહિતગાર કર્યા. એકમને સક્રિય કરવાની માહિતી આપી. અને શુભેચ્છા મુલાકાત પુર્ણ કરી.

પાલ વિભાગની શુભેચ્છા મુલાકાતનું કોઓર્ડીનેશન કરી સુંદર આયોજન મહામંડળના સહમંત્રી શ્રી ચંદ્રકાંતભાઇએ કર્યુ હતું. તેઓ બન્ને દિવસ સાથે રહી સુંદર સાથ સહાકર આપ્યો હતો.

વિઝન-૨૦૨૦ની ચિંતન શિબીર અંકલેશ્વર મુકામે યોજાય. સુરતની સામાન્ય સભામાં વાયબ્રન્ટ મહામંડળનો લોગો રજુ થયો. સમાજનું થીમ સોંગ છોડો કલકી બાતે પસંદ થયું.. મહિલા મંડળ તથા યુવાનોને માર્ગદર્શન માટે મહિલા મંડળના અધ્યક્ષાની નિમણૂંક થઇ અને તેમની સક્રિયતાના સમાચારો આવવા માંડયા છે. યુથ એક્ષચંજ પોગ્રામનું આયોજન પણ સુંદર રીતે થઇ રહ્યુ છે. સુરત એકમમાં ગોલ્ડન જ્યુબીલી અધિવેશનને સફળ બનાવવાના સુંદર પ્લાનીંગો થઇ રહ્યા છે.. એની સફળતા સાથે વાઇબ્રન્ટ પંચોલી સમાજના શુભારંભના ચક્રો ગતિમાન થઇ રહેશે....આપના સાથ સહકારની અપેક્ષા સહ....

નવયુગ શુભચિંતક શ્રી નવિનભાઇ ચીમનલાલ પંચોલી વડોદરા શ્રી મુંકુંદલાલ હિરાલાલ પંચોલી વડોદરા

### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# મહિલા સંગઠન

નમસ્કાર....

યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા :

આ શાસ્ત્રોક્ત વિધાનને આપણાં મહામંડળના મહાનુભાવોએ તા. ૨૯.૭.૨૦૧૨ના રોજ સુરત ખાતે મળેલ સામાન્ય સભામાં હાજર રહેલ દરેક સભ્યોએ યથાર્થ કર્યુ છે. પંચોલી સેવા સમાજ મહામંડળને વાયબ્રન્ટ બનાવવા તથા મહિલાઓ સક્રિય બને એ શુભાશયથી મહિલા સંગઠન ને મહામંડળ લેવલ પર સ્થાન આપ્યું અને મારી મહિલા સંગઠનના અધ્યક્ષા તરીકે સર્વાનુમતે વરણી કરી તે માટે હું આપ સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તેમજ આ જવાબદારી પૂર્ણતઃ નિભાવવા માટે આપ સર્વે તરફથી સંપૂર્ણ સહકારની આશા રાખું છું. કહેવત છે 'વિના સહકાર નહિ ઉદ્ધાર' પરસ્પરના સહકારથી જ સર્વે કાર્ય સિદ્ધ કરી શકીએ છીએ. એક હાથે તાળી કદી પડી ન શકે.... કોઇ પણ કાર્ય સારી રીતે પાર ત્યારે જ પડી શકે જ્યારે તાળી સાચી રીતે પડી શકે.... જરૂર છે મારા હાથ સાથે તમારા હાથની...

મહિલા સંગઠનનો ઉદ્દેશ્ય દરેક એકમમાં મહિલા મંડળો હોવા જોઇએ... ન હોય ત્યાં સ્થાપવા જોઇએ અને જ્યાં છે ત્યાં કાર્યરત છે કે નહિ ? એ જાણી દરેક મહિલા મંડળને એક નવી દિશા નવો અભિગમ આપવાનો છે... જેનાથી મહિલા મંડળો સક્રિય બનશે અને સમગ્ર પંચોલી સમાજને વાયબ્રન્ટ બનાવવામાં સહાયરૂપ બનશે...

હવે મહિલાઓએ જાતે જ જાગૃત થવાની જરૂર છે. સાથે સાથે એમની અંદર રહેલી છુપી કળાને બહાર લાવવા તથા વિકાસ માટે ઘરના સભ્યોએ સહકાર આપવાની જરૂર છે. આ માટે વડીલ થી માંડી ઘરના બાળકોનું માર્ગદર્શન પણ જરૂરી છે. બહેનોએ સ્વેચ્છાએ પોતાની અંદર રહેલ શકિતને જાગ્રત કરી આપણાં ગામમાં (એકમમાં) સમાજનું કાર્ય કરતાં કાર્યકરોની સાથે ખભેખભા મીલાવી સમાજના કાર્યમાં જોડાય શકાય.

ઓછા સભ્યોથી પણ મહિલા મંડળ શરૂ કરી શકાય છે. અને આગામી સમયમાં આપણે આયોજન કરી મિટીંગ ચલાવીએ તો કંઇક નવુ કરી શકીએ અને જુની ઘરેડ માંથી બહાર આવી શકીએ.. અને વધુ સારી પ્રવૃત્તિ થકી સારી પ્રગતિ કરી શકીશું... આ ઉપરાંત મહિલા મંડળની બહેનો એકત્ર થઇ નાના ગૃહ ઉદ્યોગો સ્થાપી સરકારશ્રીનો યોજનાનો લાભ લઇ અર્થોપાર્જન કરી આર્થિક વિકાસ કરી શકાય... તો ચાલો આપણે સૌ ભેગા મળી પંચોલી સમાજમાં મહિલા પાંખને ઉજાગર કરી... વાયબ્રન્ટ પંચોલી સમાજ બનાવીએ....

આપના મહિલા મંડળમાં ઓકટોબર અને નવેમ્બર માસના કાર્યક્રમો આપ્યા છે.. એ મુજબ આપની મિટીંગો કરશો.... અને આમાંથી તમને અનૂકુળ હોય એ કાર્યક્રમો કરશો.. ફરજીયાત નથી..

ઓકટોબર માસ-૧૨(શ્રાદ્ધ પક્ષ-નવરાત્રી)

- ❖ પ્રથમ પાંચ મિનિટ-પ્રર્થના
- ❖ શ્રાદ્ધપક્ષ વિશે માહિતી-પ્રવચન
- ❖ નવરાત્રી અને તેનું મહાત્મ્ય
- ❖ ભજન સ્પર્ધા-ગરબા સ્પર્ધા જેમાં બે વિભાગ પાડી શકાય
- ❖ ૧૮ થી ૪૫ અને ૪૫થી ઉપરના.
- ❖ હોસ્પિટલ કે અનાથાલયમાં બિસ્કીટ વિતરણ
- ❖ દશેરા ઉત્સવ - માનવમાં રહેલા વિકારો રૂપી રાક્ષસોનું દહન અને પ્રાર્થના
- ❖ બર્થડે-એનીવર્સરી
- ❖ અલ્પાહાર

નવેમ્બર માસ-દિપાવલી

- ❖ પ્રાર્થના
- ❖ દિપાવલી તહેવાર વિશે સમજુતી
- ❖ સાથિયા હીરફાઇ/વાનગી હરિફાઇ(મીઠાઇ-દિવાલી ફરસાણ)
- ❖ નવા વર્ષ પછી મહિલા મંડળ કે ત્યાના એકમ સાથે સંયુકત કાર્યક્રમ-સ્નેહ મિલન
- ❖ બર્થડે-મેરેજ એનીવર્સરી
- ❖ અલ્પાહાર

આનંદીબેન ભરતભાઇ પંચોલી-વ્યારા
મહિલા સંગઠન-અધ્યક્ષા

**દરેક માનવીની**
**સફળતા પાછળ કયાંક**
**પણ જબરદસ્ત સચ્ચાઇ, જબરદસ્ત પ્રામાણિકતા**
**રહેલાં હોવા જોઇએ. જીવનમાં તેની અસાધારણ**
**સફળતાનું કારણ એજ છે.**

નવયુગ શુભચિંતક શ્રી ચંદુલાલ નરોત્તમદાસ મિસ્ત્રી અમદાવાદ સ્વ. રમેશચંદ્ર વિઠ્ઠલભાઇ પંચોલી અમદાવાદ

## શ્રદ્ધાંજલિ



**સ્વ. પ્રવિણચંદ્ર ભીખુભાઇ પંચોલી**

જન્મ તા. : ૧૮.૧૦.૧૯૫૨ અવસાન : ૨૪.૦૯.૨૦૧૨

પ્રભુ આપના આત્માને ચિરઃશાંતિ અર્પે

એજ પ્રાર્થના

**અર્પણકર્તા**

શ્રી કનુભાઇ હિંમતલાલ પંચોલી
શ્રીમતિ ચંદ્રિકાબેન કનુભાઇ પંચોલી
ચિ. પાર્થ કનુભાઇ પંચોલી
તારાપુર રોડ, હાઇસ્કૂલ સામે,
મુ.પો. પાવી-જેતપુર જિ. વડોદરા
ફોન : ૦૨૬૬૪-૨૪૨૮૪૮ મો. : ૯૪૨૭૫ ૩૮૯૩૫
શ્રીમતિ શ્રુતિ ચિરાગકુમાર મપારા
શ્રી ચિરાગકુમાર વિજયભાઇ મપારા

## shaadi.com



નામ : **અમિત**
પિતા : મહેશભાઇ એસ. પંચોલી
માતા : કુંદનબેન
જન્મ તા. : ૪.૧૨.૧૯૮૪
ઉંચાઇ : ૫'૭'' વજન : ૫૦ કિલો
અભ્યાસ : બી.કોમ
નોકરી : B.C.C.Bank (બાજવા બ્રાંચ-વડોદરા)
સરનામુ : ૨૦૨, અત્રીય ફ્લેટસ, લાલબાગ સો. માંજલપુર વડોદરા
મો. : ૯૯૭૪૮ ૮૩૨૫૮/૯૯૧૩૧ ૩૬૦૮૭

## શ્રી પંચોલી સેવા સમાજ-સુરત

શ્રી પંચોલી સેવા સમાજ સુરત એકમની સામાન્ય સભા તારીખ ૯.૯.૨૦૧૨ના રોજ રવિવારે બપોરે ૩.૦૦ કલાકે શ્રી પંચોલી વાડી, કાજીનું મેદાન ગોપીપુરા ખાતે રાખવામાં આવી હતી. તે સુરત ખાતે તાપી નદીમાં ઉકાઇ ડેમમાંથી છોડવામાં આવેલ પાણીના કારણે ભયનો માહોલ ઉભો થવાના કારણે રદ કરી હતી એ સામાન્ય સભા તા. **૧૪.૧૦.૨૦૧૨ના રોજ બપોરે ૩.૦૦ કલાકે શ્રી પંચોલી વાડી કાજીનું મેદાન ગોપીપુરા ખાતે રાખવામાં આવેલ છે.** જેના એજેન્ડા સુરતના તમામ સભ્યોને પહોંચાડવામાં આવેલ છે દરેક સભ્યોએ ઉપરોકત સામાન્ય સભામાં હાજરી આપવા વિનંતી કરવામાં આવે છે.

**પ્રમુખ**
**શ્રી ગિરીશચંદ્ર ઈશ્વરલાલ ગજજર**
એ/૩૦૩, શ્રીનાથ કોમ્પલેક્ષ, સ્વસ્તિકપાર્ક સોસાયટી,
શ્રી રામ મારબલ પાસે, અલથાણ સુરત-૩૯૫ ૦૧૭
ફોન : ૦૨૬૧-૨૨૬૭૮૧૧ મો. : ૦૯૮૨૫૧ ૦૮૬૯૬/૦૯૪૭૧૪૧
email : girishbhai@yahoo.com

**મંત્રી**
**શ્રી જતીનકુમાર રમણલાલ પંચોલી**
૫/૬૦૦, પંચોલી શેરી, હરીપુરા-સુરત
મો. : ૦૯૬૩૮૪ ૪૪૭૭૪/૦૯૬૩૮૨ ૪૩૪૩૫

## shaadi.com



નામ : **તેજસ**
પિતા : બિપીનચંદ્ર એ. પંચોલી માતા : રક્ષાબેન
જન્મ તા. : ૮.૩.૧૯૮૮ ઉંચાઈ :૧૬૦ સે.મી. વજન : ૫૬કિલો
અભ્યાસ : B.Com., MHRD(Master of Humen Resources Development)
નોકરી : IPCA.Lab. Ltd. Athal Silvassa-દાદરા નગર હવેલી
હાલનું સરનામુ : સી-૮,૧૧, બસેરા કોમ્પ. અમલી, સેલવાસ.
બેન : મોનલ વિજયકુમાર મિસ્ત્રી-નવસારી(મેરીડ)
સરનામુ : બેંક ઓફ ઈન્ડિયા સામે, મેઈનરોડ, ગોલવાડ, વ્યારા
મો. : ૮૪૦૧૬ ૭૫૫૭૮/૪૫૫૮૭ ૦૫૦૭૧

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત-શ્રી પંચોલી સેવા સમાજ સુરત-આયોજીત**

**સ્વ. લક્ષ્મીબેન હસમુખલાલ ગજ્જર તથા સ્વ. ઉષાબેન હિમાંશુભાઈ ગજ્જર**
**(હસ્તે : પૂર્ણિમાબેન કમલેશભાઈ ગજ્જર-શ્રી અનંતકુમાર હિમાંશુભાઈ ગજ્જર)**

# સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૧૨
# સ્પંદન
# અને સુવર્ણ જયંતિ મહોત્સવ

**તારીખ : ૨૩.૧૨.૨૦૧૨, રવિવાર સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક**
**સ્થળ : પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડીયમ, ઘોડદોડ રોડ, સુરત**

email : adhivation@gmail.com / spandanpancholi@yahoo.in

વ્હાલા જ્ઞાતિજનો

નમસ્કાર,

આવનારા સુવર્ણજયંતિ અધિવેશનની રૂપરેખા અને નિયમો રજુકર્યા છે....જેની નોંધ લેવા વિનંતી..

**કાર્યક્રમ**

૧ ગણેશવંદના
૨ મહાનુભાવોનું સ્વાગત-સન્માન સમારોહ
૩ દિપ પ્રાગટ્ય
૪ ઉદ્‌બોધન
૫ સુવેનિયર વિમોચન
૬ રાષ્ટ્રગીત-વંદેમાતરમ
૭ વેલકમ પોગ્રામ-સુરત એકમ
૮ સંગીત કાર્યક્રમ-૬૦ મિનિટ(દરેક એકમ ભાગ લઇ શકશે)
૯ નૃત્ય કાર્યક્રમ-૬૦ મિનિટ(દરેક એકમ ભાગ લઇ શકશે)
૧૦ અંતાક્ષરી-૪૦ મિનિટ(કાર્યક્રમને અનુરૂપ ન્યાય આપી શકે એવા એકમ દીઠ બે વ્યકિત)
૧૧ ડિબેટ : ૩૦ મિનિટ (દરેક એકમ ભાગ લઇ શકશે.) વિષય : (૧) આંતરજ્ઞાતિય લગ્ન (૨) યુવાશકિત અને નારીશકિતઓનું સમાજ પ્રત્યે સશકિતકરણ
૧૨ વકૃત્વ સ્પર્ધા : ૧૫ મિનિટ(દરેક એકમ ભાગ લઇ શકશે) વિષય : સમાજોત્કર્ષ અંગેના વિચારોની રજુઆત)
૧૩ વિવિધ કાર્યક્રમો-સુરત એકમ દ્વારા
૧૪ ફેશન પરેડ - ૪૫ મિનિટ (દરેક એકમો ભાગ લઇ શકશે)
  માસ્ટર - ૧૫ મિનિટ
  મીસ - ૧૫ મિનિટ
  કપલ-૧૫ મિનિટ
૧૫ એન.આર.આઇ-૧૫ મિનિટ (કાર્યક્રમ આવકાર્ય છે.)
૧૬ અધિવેશન સમાપન સમારોહ...

ચ્હા /નાસ્તો સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાકે
ભોજનનો રસથાળ બપોરે ૧૨.૪૫ થી ૨.૩૦
ચ્હા/નાસ્તો બપોરે ૩.૩૦ થી ૪.૩૦

ઉપરોકત આયોજનમાં તેમજ કાર્યક્રમની રૂપરેખામાં ફેરફાર કરવાનો અધિકાર આયોજકનો રહેશે..

**નિયમો :**

❖ સંગીત, નૃત્ય, ડિબેટ, અંતાક્ષરી તેમજ ફેશન પરેડના દરેક કાર્યક્રમમાં દરેક એકમની એન્ટ્રી આવકાર્ય છે.

❖ એક એન્ટ્રી વધુમાં વધુ ૪ થી ૫ મિનિટની રાખી શકાશે.

❖ જે તે કાર્યક્રમની ઓડિયો/વીડીયો સીડી અથવા ડીવીડી તેમજ વિસ્તૃત માહિતી એકમના પ્રમુખની મંજુરી સાથે આયોજક કમિટીને ૧ નવેમ્બર-૨૦૧૨ પહેલા આપી દેવાની રહેશે.

❖ કોઇપણ એન્ટ્રીની રજુઆત માટે આયોજક કમિટીની લેખિત મંજુરી મેળવવાની રહેશે. લેખિત મંજુરી સિવાયના કાર્યક્રમને રજુ કરવા દેવામાં આવશે નહીં.

❖ આપેલી માહિતી અનુસાર એન્ટ્રીની રજુઆત નહી હશે તો તે કાર્યક્રમ તેમજ સમાજની ગરિમાને હાની અથવા નુકશાનકર્તા હોય એવું લાગે તો તે કાર્યક્રમ તુરત જ અટકાવી દેવામાં આવશે.

❖ કાર્યક્રમની એન્ટ્રી અંગેની સીડી/ડીવીડી અગાઉથી જમા કરાવવાની રહેશે. જેથી ક્રમાનુસાર કાર્યક્રમની રજુઆત કરી શકાય.

❖ વહીવટી અનુકુળતા માટે નિયમોમાં સુધારા-વધારા કરવામાં આવશે તેની અગાઉથી જાણ કરવામાં આવશે. આપ સૌ જ્ઞાતિજનોના સહકારની આશા રાખવામાં આવે છે.

**અધિવેશન ડેલીગેશન ફી :-**

❖ તા. ૧.૯.૨૦૧૨ થી૩૦.૧૧.૨૦૧૨ સુધી ` ૧૫૦/-

❖ તા. ૧.૧૨.૨૦૧૨થી૧૫.૧૨.૨૦૧૨ સુધી ` ૨૦૦/-

❖ પરિચય મેળામાં ભાગ લેનાર યુવકને અધિવેશનની

ડેલીગેશન ફીમાં રૂા. ૫૦ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તેમજ યુવતિઓને અધિવેશનની ડેલીગેશન ફીમાં માફી આપવામાં આવશે..

- ❖ મહામંડળના તમામ હોદ્દેદારો તથા દરેક એકમના અને મહિલા મંડળના પ્રમુખ/મંત્રી રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે પરંતુ ડેલીગેશન ફી ભરવી નહી જેની ખાશ નોંધ લેવી
- ❖ તા. ૧૫.૧૨.૨૦૧૨ પછી કોઈપણ ડેલીગેશન રજીસ્ટ્રેશન કરાવી શકાશે નહીં.
- ❖ ડેલીગેશન રજીસ્ટ્રેશન જે-તે એકમના પ્રમુખ/મંત્રી મારફત જ મોકલવાનું રહેશે.

**નોંધ : આગલે દિવસે તા. ૨૨.૧૨.૨૦૧૨ના રોજ આવનાર જ્ઞાતિજનોએ રજીસ્ટ્રેશનમાં ખાસ અલગથી જણાવવાનું રહેશે, તે જ વ્યકિતને ઉતારાની સગવડ આપવામાં આવશે..**

લિ. આપના સહકારના અભિલાષી

**પ્રમુખ**
**શ્રી ગિરીશચંદ્ર ઈશ્વરલાલ ગજ્જર**
એ/૩૦૩, શ્રીનાથ કોમ્પલેક્ષ,
સ્વસ્તિકપાર્ક સોસાયટી,
શ્રી રામ મારબલ પાસે,
અલથાણ સુરત-૩૯૫ ૦૧૭
ફોન : ૦૨૬૧-૨૨૬૭૮૧૧
મો. : ૦૯૮૨૫૧ ૦૮૬૯૬/૦૯૪૭૧૪૧
email : girishbhai@yahoo.com

**અધિવેશન સંયોજક**
**શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી**
ગુરૂ સ્મૃતિ, સોમનાથ મહાદેવ રોડ,
અઠવાલાઈન્સ, સુરત
મો. : ૦૯૯૨૪૨ ૧૧૦૨૨
email : hemmistry@gmail.com

**મંત્રી**
**શ્રી જતીનકુમાર રમણલાલ પંચોલી**
૫/૬૦૦, પંચોલી શેરી
હરીપુરા-સુરત
મો. : ૦૯૬૩૮૪ ૪૪૭૭૪
૦૯૬૩૮૨ ૪૩૪૩૫

---

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત-શ્રી પંચોલી સેવા સમાજ સુરત-આયોજીત**

**સ્વ. લક્ષ્મીબેન હસમુખલાલ ગજ્જર તથા સ્વ. ઉષાબેન હિમાંશુભાઈ ગજ્જર**
**(હસ્તે : પૂર્ણિમાબેન કમલેશભાઈ ગજ્જર-શ્રી અનંતકુમાર હિમાંશુભાઈ ગજ્જર)**

## સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૧૨
# સ્પંદન
## અને સુવર્ણ જયંતિ મહોત્સવ

**તારીખ : ૨૩.૧૨.૨૦૧૨, રવિવાર સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક**
**સ્થળ : પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડીયમ, ઘોડદોડ રોડ, સુરત**

email : adhivation@gmail.com / spandanpancholi@yahoo.in

## તબીબી પરીક્ષણ કેમ્પ

વ્હાલા જ્ઞાતિજનો

સુરત મુકામે યોજાનાર સુવર્ણ જયંતિ અધિવેશનમાં તબીબી પરીક્ષણ કેમ્પ રાખવામાં આવેલ છે જેમાં બ્લડગ્રુપ-બ્લડ પ્રેશર-ડાયાબીટીશ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો છે જેમાં ઉપરોકત રોગોનું પરીક્ષણ કરવામાં આવશે. આપણા જ સમાજના ડોકટરોની ટીમ સેવા આપશે.. તો વધુને વધુ જ્ઞાતિજનો આ તબીબી પરીક્ષણ કેમ્પનો લાભ લેવા વિનંતી....

**પ્રમુખ**
**શ્રી ગિરીશચંદ્ર ઈશ્વરલાલ ગજ્જર**
એ/૩૦૩, શ્રીનાથ કોમ્પલેક્ષ, સ્વસ્તિકપાર્ક સોસાયટી, શ્રી રામ મારબલ પાસે, અલથાણ સુરત-૩૯૫ ૦૧૭
ફોન : ૦૨૬૧-૨૨૬૭૮૧૧ મો. : ૦૯૮૨૫૧ ૦૮૬૯૬/૦૯૪૭૧૪૧
email : girishbhai@yahoo.com

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત-શ્રી પંચોલી સેવા સમાજ સુરત-આયોજીત

સ્વ. લક્ષ્મીબેન હસમુખલાલ ગજ્જર તથા સ્વ. ઉષાબેન હિમાંશુભાઈ ગજ્જર
(હસ્તે : પૂર્ણિમાબેન કમલેશભાઈ ગજ્જર-શ્રી અનંતકુમાર હિમાંશુભાઈ ગજ્જર)

## સુવર્ણ જયંતિ અધિવેશન-૨૦૧૨

# સ્પંદન

## અને સુવર્ણ જયંતિ મહોત્સવ

તારીખ : ૨૩.૧૨.૨૦૧૨, રવિવાર સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક
સ્થળ : પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડીયમ, ઘોડદોડ રોડ, સુરત
email : adhivation@gmail.com / spandanpancholi@yahoo.in

## યુવા પરિચય મેળો

વ્હાલા જ્ઞાતિજનો

સુરત મુકામે યોજાનાર સુવર્ણ જયંતિ અધિવેશનમાં યુવા પરિચય મેળાનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં દરેક એકમના જ્ઞાતિજનોને વિનંતી કે તમારા ઉંમરલાયક/પરણવાલાય છોકરાઓ-છોકરીઓને પ્રોત્સાહિત કરી ઉત્સાહભેર ભાગ લેવડાવવા વિનંતી.. આ અધિવેશનમાં લગ્નોત્સુક યુવક-યુવતિને જીવનસાથી પસંદ કરવાની વધુ એક સુંદર તક મળી છે. આ યુવા પરિચય મેળામાં ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતિઓએ આ સાથે આપેલ ફોર્મમાં સંપૂર્ણ વિગત ભરી ફોટા સાથે તા. ૧૫.૧૨.૨૦૧૨ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવા વિનંતી... આ **પરિચય મેળામાં ભાગ લેનાર યુવકને અધિવેશનની ડેલીગેશન ફીમાં રૂા. ૫૦ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તેમજ યુવતિઓને અધિવેશનની ડેલીગેશન ફીમાં માફી આપવામાં આવશે..** ભાગ લેનાર યુવક - યુવીતઓને આખો દિવસ આપવામાં આવેલ બેજ પહેરવાનો રહેશે... તો આ યુવા પરિચય મેળાનો વધુને વધુ યુવક - યુવતિઓ લાભ લે એવી વિનંતી.

નામ :............................................................................................................

પિતાનું નામ : ..................................................................................................

માતાનું નામ : ..................................................................................................

સરનામુ : .......................................................................................................

..............................................................................................પીનકોડ : ........................

ફોન : (ઘર)........................ (ઓ)............................ મો. ..................................................

જન્મ તા. ................................. જન્મ સમય-સ્થળ : ........................................ ઉંચાઈ...................

અભ્યાસ :.......................................................................................................

નોકરી/ધંધો : ...................................................................................................

ભાઈ=બહેન : .................................................. જન્માક્ષરમાં માનો છો ? ......................................

મંગળ/શની છે ? ..............................................................................................

**પ્રમુખ**
**શ્રી ગિરીશચંદ્ર ઈશ્વરલાલ ગજ્જર**
એ/૩૦૩, શ્રીનાથ કોમ્પલેક્ષ, સ્વસ્તિકપાર્ક સોસાયટી,
શ્રી રામ મારબલ પાસે, અલથાણ સુરત-૩૯૫ ૦૧૭
ફોન : ૦૨૬૧-૨૨૬૭૮૧૧ મો. : ૦૯૮૨૫૧ ૦૮૬૯૬/૦૯૪૭૧૪૧
email : girishbhai@yahoo.com

**મંત્રી**
**શ્રી જતીનકુમાર રમણલાલ પંચોલી**
૫/૬૦૦, પંચોલી શેરી, હરીપુરા, સુરત
મો. : ૯૬૩૮૨ ૪૩૪૩૫

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
# સામાન્યસભા-૨૦૧૨

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૨૯.૭.૧૨ના રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સુરત મુકામે શ્રી પંચોલી જ્ઞાતિ પંચની વાડીમાં મળી. જેમાં સુરત-૩૫, વ્યારા-૧૫, સંખેડા-૧૧, અંકલેશ્વર-૮, રાજપીપલા-૫, બોડેલી-૫, નવસારી-૪, બીલીમોરા-૩, ભરૂચ-૨, વડોદરા-૨, મુંબઇ-૨, પાવી-જેતપુર-૧, બુહારી-૧, માંડવી-૧, અજરાઇ-૧ના સભ્યોએ હાજરી આપી હતી.

સૌ પ્રથમ સુરત એકમના મંત્રી શ્રી જતીનભાઇ આર. પંચોલીએ સ્વાગત પ્રવચન કર્યુ ત્યારબાદ સભાની શરૂઆત ગણેશ સ્તુતિથી કરવામાં આવી અને મંચસ્થ મહામંડળના હોદ્દેદારોનું પુષ્પગુચ્છથી સ્વાગત સુરત એકમના સભ્યો દ્વારા કરવામાં આવ્યું. મહામંડળના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર આઇ. ગજ્જરે પોતાના ઉદ્દબોધનમાં દરેક એકમને સક્રિય થઇ મહામંડળને તેના કાર્યમાં સહકાર આપવાનું આહ્વાન કર્યુ. મહામંડળની તેના ૫૦ વર્ષની ઉજવણીની ગાથા સભા સમક્ષ રજુ કરી. ત્યારબાદ એજન્ડા મુજબ સભાની કાર્યવાહી ની શરૂઆત કરી.

એજન્ડા : ૧ -દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ આપવા બાબત વર્ષ દરમ્યાન દેવલોક પામેલ સર્વે જ્ઞાતિજનોના આત્માની શાંતિ અર્થે સભાએ બે મિનિટનું મૌન પાડી દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

એજન્ડા નં. :- ૨ ગત તા. ૨૬.૭.૨૦૧૧ના રોજ ઉનાઇ મુકામે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધની મંજુરી આપવા બાબત.

મહામંત્રી શ્રી ભરતભાઇ પંચોલીએ ગત તા. ૨૬.૦૭.૨૦૧૨ના રોજ ઉનાઇ મુકામે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કરવા સહમંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ પંચોલીને જણાવ્યું. જેનું વાંચન સભા સમક્ષ કરવામાં આવ્યું જે બરાબર હોય સભાએ સર્વાનુમતે મંજુરી આપી.

એજન્ડા નં.-૩ મહામંડળ અને તેની સંલગ્ન સંસ્થાના વર્ષ ૨૦૧૧-૧૨ના ઓડિટ થયેલ હિસાબો મંજુર કરવા બાબત.

મહામંત્રી શ્રી ભરતભાઇ પંચોલીએ એમનું વાર્ષિક નિવેદન સભા સમક્ષ રજુ કર્યુ ત્યારબાદ જણાવ્યું કે મહામંડળ અને તેની સંલગ્ન સંસ્થાના ઓડિટ થયેલ વાર્ષિક હિસાબો અગાઉથી એજન્ડા સાથે દરેક એકમોમાં મોકલવામાં આવેલ છે જે બાબતે દરેક એકમના હોદ્દેદારોએ વાર્ષિક હિસાબનો અભ્યાસ કર્યો હશે. એમ જણાવ્યું.

સી.ટી.સ્મારક નિધિના હિસાબોની ચર્ચા સભા સમક્ષ કરવામાં આવી. શૈક્ષણિક સહાય મેળવવાની અરજીઓ બાબતે વિશેષ ચર્ચા કરી દરેક એકમના હોદ્દેદારો પોતાના એકમની આવેલ અરજીની સંપૂર્ણ ચકાસણી કરી પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપી અરજીઓ સી. ટી. સ્મારકના અધ્યક્ષને મોકલવું એવું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. તબિબિ સેવા સંકુલના હિસાબોની ચર્ચા કરતાં જરૂરીઆતમંદોને વધુ સહાય કરવા માટે રજુઆત કરવામાં આવી. અને નવયુગના હિસાબોની ચર્ચા બાબતે પોર્ષ્ટીંગ ખર્ચ તથા નવયુગના હિસાબોમાં છપામણી ખર્ચ તથા થયેલ ખોટ બાબતે ચર્ચા કરવામાં આવી. વેબ સાઇટના હિસાબોની ચર્ચા કરી અંતે મહામંડળના તથા તેની સંલગ્ન સંસ્થાના ઓડિટ થયેલ હિસાબો સભા દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.

એજન્ડાનં. : ૪ **સમાજ સુરક્ષા** યોજનામાં દાખલ ફીમાં ફેરફાર કરવા બાબત :- સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષ મનિષભાઇ પંચોલીએ યોજના બાબતની માહિતી સભા સમક્ષ રજુ કરી. તેમાં હાલમાં યોજનામાં દાખલ થવા માટે સભ્યોની દાખલ ફીમાં જરૂરી ફેરફાર કરવા માટેની રજુઆત કરી.

| ઉંમર | હાલની દાખલ ફી | તા. ૦૧.૦૧.૨૦૧૩ થી અમલમાં આવનાર દાખલ ફી |
|---|---|---|
| ૫ થી ૨૦ વર્ષની અંદર | ૪૦૦ | ૬૦૦ |
| ૨૦ વર્ષ કે તેથી વધુ ૩૦ વર્ષની અંદર | ૫૦૦ | ૮૦૦ |
| ૩૦ વર્ષ કે તેથી વધુ ૪૦ વર્ષની અંદર | ૭૫૦ | ૧૨૦૦ |
| ૪૦ વર્ષ કે તેથી વધુ ૪૫ વર્ષની અંદર | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૪૫ વર્ષ કે તેથી વધુ ૫૦ વર્ષની અંદર | ૧૫૦૦ | ૫૦૦૦ |

ઉપરોકત ફેરફારો તા. ૧.૧.૨૦૧૩થી અમલમાં લેવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. તા. ૩૧.૧૨.૨૦૧૨ સુધી યોજનામાં વધુને વધુ સભ્યોને જોડાવા માટે અપીલ કરવામાં આવી.

એજન્ડા નં.૫ : વેબસાઇટના આર્થિક ભંડોળને એકત્રીત કરવા બાબત

વેબસાઇટના અધ્યક્ષ શ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ તેના આર્થિક ભંડોળ બાબતે સભા સમક્ષ રજુઆત કરી. વેબસાઇટને આર્થિક રીતે તકલીફ ઉભી ન થાય તે માટે દરેક એકમોને તથા વ્યકિતગત સહાયરૂપ થવા માટે જણાવ્યું. મહામંડળ તરફથી વેબસાઇટને રૂા. ૧૦,૦૦૦/- સહાયરૂપે આપવાનું નકકી કર્યુ. સુરતના કમલેશભાઇ એચ. ગજ્જર

તરફથી વેબસાઇટને રૂા. ૩,૦૦૦/- ની રકમ મળે તે રીતે જાહેરાત કરી. મહામંડળના સુવર્ણજયંતિ અધિવેશન 'સ્પંદન'માં રૂા. ૫/- લાખ સુધીની જાહેરાત પેટે રકમ મળે તો તેના પાંચ ટકા પ્રમાણેની રકમ વેબ સાઇટને દાન પેટે આપવાની જાહેરાત શ્રી પંચોલી સેવા સમાજ સુરત એકમના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જરે કરી.

નવયુગ તંત્રીશ્રી દિનેશભાઇ મિસ્ત્રીએ દિપોત્સવી અંકમાં વધુમાં વધુ જાહેરાત સુરત એકમે મોકલી હોય સુરત એકમના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર, હેમંતભાઇ સી. મિસ્ત્રી, રાજેશભાઇ ગાંધી અને જતીનભાઇ પંચોલીને મોમેન્ટો આપી સન્માન્યા. વધુમાં વધુ જાહેરાત એકત્ર કરવા બદલ શ્રી રાજેશભાઇ પોપટભાઇ ગાંધીને સ્મૃતિ ભેટ તથા વિશિષ્ટ ભેટ મહામંડળના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જરના વરદ હસ્તે આપી સન્માન્યા.. ૧૫ હજારથી વધુ જાહેરાત એકત્ર કરનાર અંકલેશ્વર એકમના શ્રી નિતિનભાઇ, શ્રી પરેશભાઇ અને ભરૂચના શ્રી ચેતનભાઇ, બીલીમોરાના શ્રીમતિ શોભાબેન, રાજપીપલાના શ્રી સુરેશભાઇ જે. પંચોલી, સુરતના શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી અને શ્રી જતિનભાઇ આર. પંચોલી તથા વડોદરાના શ્રીમતિ શીલાબેન અશ્વિનભાઇ પંચોલીને મહામંડળના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જરના વરદ હસ્તે સ્મૃતિભેટ આપી નવાજ્યા....

સી.ટી.સ્મારકનિધિ દ્વારા વાયબન્ટ પંચોલી સમાજ માટેનો લોગો મંગાવ્યા હતા. તેમાં જય પંચોલીનો લોગોને પસંદ કરવામાં આવ્યો હતો અને તે દર મહિને પંચોલી નવયુગ પર છપાશે.... તથા હમ પંચોલી હે...નું એક ગીત બનાવવાનું હતુ જેમાં જબુગામના નટુભાઇ પંચોલીનું ગીત પસંદ પામ્યુ હતું... જે સુવર્ણજયંતિ અધિવેશનમાં આ ગીત ગાવામાં આવશે...

એજેન્ડા : ૬ :- એકમને સક્રિય બનાવવાની યોજનાની રજુઆત કરવા બાબત... અંકલેશ્વરના ડૉ. મહેશભાઇ એમ. મિસ્ત્રી દ્વારા એકમોને સક્રિય બનાવવા માટેની યોજનાની રજુઆત સભા સમક્ષ કરી...જેનો અમલ તા. ૧.૧.૨૦૧૩ થી ૩૧.૧૨.૨૦૧૩નો સમયગાળો ગણતરીમાં લેવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું...આ યોજનામાં એકમોને સક્રિય કરવા જુદી જુદી પ્રવૃત્તિના પોઇંટ ગણવા. અને એકમોને ટ્રોફી તથા રોકડ ઇનામ આપવા. નવયુગની સંખ્યા ધ્યાનમાં રાખી મોટા, મધ્યમ અને નાના એકમો ગણવા. અને દરેક એકમને પોઇંટની જાણ કરવી...

એજન્ડા નં. ૭ :- મહામંડળના હોદ્દેદારોની રોટેશન પદ્ધતિમાં ફેરવિચારણાની ચર્ચા કરવા બાબત.. હાલમાં મહામંડળનું અધિવેશન જે એકમમાં યોજવાનું નક્કી થતુ તે એકમના મહામંડળના પ્રમુખ તરીકેની વરણી કરવામાં આવે છે. જેમાં ફેરફાર કરી અગામી પ્રમુખની વરણી બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ચર્ચાને અંતે હાજર રહેલ સભ્યોમાંથી નીચે જણાવેલ પાંચ સભ્યોની કમિટીની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. કમિટી દ્વારા આગામી સામાન્ય સભામાં પ્રમુખની વરણી માટે ત્રણ ઉમેદવારની પેનલ રજુ કરવાનું નક્કી કરવામાં આવ્યું જે પેનલમાંથી સામાન્ય સભા પ્રમુખની વરણી કરશે. એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. કમિટીના પાંચ સભ્યોમાંથી પ્રમુખ તરીકે પેનલમાં નામ ન આવ એ બાબતે સભાએ સર્વાનુમતે નક્કી કર્યુ.

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર, ચેતનભાઇ વી. પંચોલી-ભરૂચ, અરવિંદભાઇ એન. પંચોલ-વ્યારા, ગિરીશચંદ્ર આઇ. ગજ્જર-સુરત, મુકેશભાઇ પી. પંચોલી-મુંબઇ.

એજન્ડા નં. ૮ :- મહામંડળ ક્ષેત્રે યુવાનોને સક્રિય બનાવવા માટે યુવા સંગઠનના અધ્યક્ષા તરીકે કુ. મૃદુતા હેમંતભાઇ મિસ્ત્રી-સુરત તથા મહામંડળ ક્ષેત્રે મહિલાઓની પ્રવૃત્તિઓને સક્રિય બનાવવા વ્યારાના આનંદીબેન ભરતભાઇ પંચોલીની વરણી કરવામાં આવી.

એજન્ડા નં. ૯ :- સુરત એકમ દ્વારા આયોજીત મહામંડળનું સુવર્ણજયંતિ અધિવેશનની રજુઆત કરવા સુરતના ધવલભાઇ પંચોલીએ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત શ્રી પંચોલી સેવા સમાજ-સુરત દ્વારા આયોજીત ઠસ્વ. લક્ષ્મીબેન હસમુખલાલ ગજ્જર તથા સ્વ. ઉષાબેન હિમાંશુભાઇ ગજ્જર' સુવર્ણજયંતિ અધિવેશન-૨૦૧૨ 'સ્પંદન' અને સુવર્ણ જયંતિ મહોત્સવ બાબતે વિસ્તૃત માહિતી સભા સમક્ષ રજુ કરી.

એજન્ડા નં. ૧૦ :- પ્રમુખ સ્થાનેથી રજુ થતા અન્ય કામો... પ્રમુખશ્રી ગિરિશચંદ્ર આઇ. ગજ્જરે ઉનાઇ મુકામે મળેલ સામાન્ય સભામાં શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના ઉપપ્રમુખ તરીકે એક વર્ષની મુદત માટે શ્રી મનિષભાઇ એમ. પંચોલીની નિમણૂંક કરવામાં આવેલી હતી જેને વધુ એક વર્ષ માટેની નિમણૂંક કરવાનો પ્રસ્તાવ મુક્યો જેને સભાએ સર્વાનુમતે બહાલી આપી મનિષભાઇ એમ. પંચોલીની મહામંડળના ઉપપ્રમુખ તરીકેની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

અંતમાં મહામંડળની સામાન્ય સભાના આયોજન બદલ સુરત એકમનો આભાર વ્યકત કર્યો. એકમના કાર્યકરોએ મિટીંગને સફળ બનાવવામાટેની જહેમત કરી તથા સવારે સુંદર ચા-નાસ્તો તથા બપોરના સુંદર ભોજનની વ્યવસ્થા બદલ આભાર વ્યકત કર્યો. અને મિટીંગને પૂર્ણ થયેલ જાહેર કરી..

લિ. ભરતભાઇ સી. પંચોલી

## સદ્‌વિચાર

સારા અને નરસા વિચારના આપણે જ વારસદારો છીએ. જો આપણે આપણી જાતને પવિત્ર બનાવીએ, તેમજ સદ્‌વિચારોનું સાધન બનાવીએ, તો સદ્દવચારો આપણામાં પ્રવેશ કરશે. સારો માણસ ખરાબ વિચારોને ગ્રહણ કરવાને તૈયાર નહીં હોય. દુષ્ટ વિચારો દુષ્ટ માણસોમાં જ સારું સ્થાન જમાવી શકે છે..

નવયુગ શુભચિંતક શ્રી પરેશભાઇ અંબાલાલ પંચોલી વલ્લભ વિદ્યાનગર સ્વ. જયંતભાઇ અમૃતલાલ પંચોલી અમદાવાદ

જયશ્રી કૃષ્ણ

# ૬૧મી જન્મ જયંતિ



## શ્રી અનિલકુમાર ઉત્તમરામ મારફતીઆ
## જન્મ તારીખ : ૯-૧૦-૧૯૫૨

તુમ જીઓ હજારો સાલ... સાલ કે દિન હો પચાસ હજાર...
યે હમારી હૈ આરઝુ.....હેપી બર્થડે ..ટુ...યુ...

ગં.સ્વ. નિર્મળાબેન ઉત્તમરામ મારફતીઆના શુભાશિષ

વાસંતીબેન અનિલભાઈ મારફતીઆ
હિરલબેન સમીરભાઈ લાકડાવાલા-બ્યુટીશ્યન
શ્રી સમીરભાઈ રમણીકલાલ લાકડાવાલા
ધૃતિબેન ધવલકુમાર ગજ્જર-ટીચર
ધવલકુમાર પ્રવિણચંદ્ર ગજ્જર
વૈદેહી(રાજવી) ધવલકુમાર ગજ્જર
નિધિબેન ધવલકુમાર ગજ્જર

જયશ્રીબેન કૃષ્ણકાંત મારફતીઆ
મેઘનાબેન કૃષ્ણકાંત મારફતીઆ-આર્કિટેક
નિરજકુમાર કૃષ્ણકાંત મારફતીઆ-એન્જીનીયર
ઓસ્ટ્રેલીયા
સ્વાતીબેન નિરજકુમાર મારફતીઆ
ચિ. પાર્થવીબેન નિરજકુમાર મારફતીઆ
ચિ. આર્યન નિરજકુમાર મારફતીઆ

'શ્રી કૃષ્ણવીલા' બી-૨૮, સરિતાદર્શન સોસાયટી, હોટલ તાજ ગેટવેની બાજુમાં,
પાર્લે પોઈંટ-ઉમરીગર રોડ, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫ ૦૦૭
ફોન : ૦૨૬૧-૬૫૪૯૯૩૬ મો. : ૦૯૨૨૭૯ ૨૨૯૩૬, ૦૯૨૨૮૨ ૬૨૫૧૩ email : aumarfatia@gmail.com




# સ્વાસ્થ્યની સાવચેતી આપણી જિંદગી.......

શ્રી નટુભાઇ પંચોલી
જબુગામ

આજકાલ આપણી જિંદગી એટલાં બધા સંઘર્ષોથી અને ચિંતાઓથી ભરપૂર છે. જો માણસ પોતાની જાત પ્રત્યે સાવધ નહિં રહે તો બચવું મુશ્કેલ છે. મુશ્કેલીઓથી ભરપુર આ સંસારમાં સારું સ્વાસ્થ્ય જ આપણું એક સાધન છે...એક મૂડી છે. શારીરિક અને માનસિક બન્ને સ્વાસ્થ્ય આવશ્યક છે, અને આ સ્વાસ્થ્ય જાળવવામાં કોઇ ખર્ચ પણ નથી...ચિર યૌવનનું રહસ્ય તદ્દન સહેલું છે...

આપણી જિંદગી કુત્રિમ બની ગઇ છે..સત્વ વગરના અને ખરાબ ખોરાકે આપણા શરીરને નિર્બળ બનાવી દીધું છે. અને જે કાંઇ બચ્યુ છે તે ખોટી દવાઓ, વ્યસનો, અસંયમ અને હાથે ઉભી કરેલી ચિંતાઓ સ્વાહા કરી ગઇ છે. આજનું યુવા ધન શુદ્ધ હવા, પ્રકાશ, તડકો, સારા વિચારો અને પૌષ્ટિક સાદા ભોજનથી દૂર રહે છે. આજના યુવાનોને વડીલોની વાતો કડવી લાગે છે પરંતુ જ્યારે અકાળે બુઢાપો આવે છે અને શરીરમાં અનેક રોગો ઘર કરે છે ત્યારે બધા સ્વપ્નો હવામાં ઉડી જાય છે. આથી આજના કુત્રિમ જીવનથી દૂર ભાગીએ અને કુદરતી જીવન ગાળીએ...

સ્વાસ્થ્યને ટકાવી રાખવા હાસ્યથી વધુ સારી બીજી કોઇ ચીજ નથી. એકવાર દિલ ખોલીને મુકત મને કરેલ હાસ્ય સેંકડો ટોનિક અને પૌષ્ટિક દવાઓથી પણ વધુ સારું છે. આ એક એવું અમૃત છે જે શરીરની નસેનસમાં નવસ્ફૂર્તિ ભરી દે છે. મુકત હાસ્ય જીવનની સર્વોત્તમ બક્ષિસ છે. વિનોદ વૃત્તિ એ શ્રેષ્ઠ શકિત છે. એ યાતના અને પરિસ્થિતિની કઠોરતાને હળવી બનાવે છે. હસમુખો સ્વભાવ ગૃહજીવનના સુખની જેટલી ખાતરી આપે છે એટલી બીજો ગુણ કે વિદ્વતા આપી શકતી નથી.

બને તયાં સુધી સીધું, સાદુ અને સંયમી જીવન ગાળીએ. શહેરની બુરાઇઓથી દૂર રહીએ. શહેરી પ્રકારનું અનિષ્ટ એટલે રાતે મોડા સૂએ છે અને સવારે મોડા ઉઠે છે. ભણેલા ગણેલા અને સુધરેલા લોકોમાં આ રોગ વધુ દેખાય છે. રાતે તેમને ઉંઘ નથી આવતી. આ લોકો સવારે મોડા ઉઠે છે ત્યારે શરીરમાં આળસ અને સુસ્તી ભરેલી હોય છે. કામ કરવાની સ્ફૂર્તિ જરા પણ થતી નથી. નોકરી હોય એટલે આજીવિકા માટે ગયા સિવાય છૂટકો ન હોવાથી પરાણે પથારી છોડે છે.

રાતે બાર વાગ્યા પહેલાની ઉંઘ શરીરને જેટલો આરામ આપે છે, જેટલી પૂર્તિ કરે છે તેટલી ત્યાર પછીની ઉંઘ કરતી નથી. સવારે ચાર વાગ્યા પછીની ઉંઘ સાધારણ સ્વસ્થ વ્યકિત માટે હાનિકારક છે. એટલે મોડામાં મોડું રાત્રે ૧૦ વાગ્યે સૂઇ જવું. અને સવારે મોડામાં મોડું ૫ વાગ્યે ઉઠવું જોઇએ. સવારે વહેલા ઉઠીશું તો શરીર હળવું ફુલ લાગશે.

વહેલી સવારે ખુલ્લામાં ફરવા જઇએ, ચાલીએ, દોડીએ, બાળકોની પેઠે કલશોર કરીએ, સવારની હવા સ્વચ્છ હોય છે. આ સ્વસ્થઅને નિર્મળ હવા ખૂબ લઇએ. આપણાં ફેફસામાં તે ભરીએ. ઉંડા શ્વાસ લઇએ.. આ હવાનો દરેક શ્વાસ અમૃતના ઘૂંટડાં સમાન છે. આ હવા ફેફસાને બળ આપે છે. હૃદયને મજબુત બનાવે છે. લોહીના હલનચલનને નિયંત્રિત કરે છે. આપણા દરેક અંગમાં નવુ અને તાજુ લોહી ઝડપથી દોડશે. દરેક અંગ અને અવયવ બળવાન બનશે. હંમેશા સારા વિચારોને મનમં સ્થાન આપીએ. આપણાંમાં જે પ્રેમ અને સહાનુભૂતિ છે તે પ્રસરાવવા દઇએ...

આમાં કોડીનો પણ ખર્ચ નથી. આ કોઇ ગુપ્ત ઇલાજ નથી. દરેક વ્યકિત કિશોર, યુવાન, પ્રૌઢ કે વૃદ્ધ આ સહેલાઇથી કરી શકે છે.... તો ચાલો અપનાવી જોઇએ.. આપણી આ માટીની કાયા કંચન જેવી બનાવીએ... હૃદય તથા મસ્તક પુસ્ટ અને વિકસિત બનશે. અને આપણું આરોગ્ય અને સૌંદર્ય દીર્ઘકાળ સુધી ટકી રહેશે....

## સાચી પૂજા

શુદ્ધ થવું, બીજાનું ભલુ કરવું. જે મનુષ્ય દિનદુઃખિયા ને રોગીમાં શીવનું દર્શન કરે છે એજ સાચો શીવ ઉપાસક છે. કેવળ મૂર્તિમાં જ શિવના દર્શન કરવા એ તો પ્રાથમિક દશાની ઉપાસના છે. માત્ર મંદિરમાં જ શિવના દર્શન કરનારા કરતાં દીનદુઃખિયામાં તેમનાં દર્શન કરનાર ઉપર અને નાતજાતનો વિચાર કર્યા વિના તેમની સેવા કરનાર ઉપર ભગવાન શિવ વધુ પ્રસન્ન થાય છે.

લાગણી રાખો....

પહેલાં ભોજન અને પછી ભજન..

બીચારા ભુખે મરતાં હોય તેમનાંમાં ઠાસી ઠાસીને ધર્મ ભરવાનો શો અર્થ ? ભૂખના દુઃખને કોઇ સિદ્ધાંતને શાંત કરી શકતો નથી. તમે હજારો કે લાખો મત-વાદોની ચર્ચા કરો તેથી અનેક ઘણાં સંપ્રદાયો સ્થાપો પરંતુ જ્યાં સુધી હૃદયમાં લાગણી ન હોય ત્યાં સુધી બધુ નકામું, માટે દીનહીન પ્રત્યે લાગણી રાખો ને મદદ માટે ઇશ્વર તરફ નજર રાખો....


RIVER PALACE
DEVELOPER
Vyara
Booking Contac
Mitesh M. Pancholi
95860 09009
91731 22222
Site Address
Kanpura, Opp. Ramji Mandir, Vyara.
AMENITIES
CLUB HOUSE
SWIMMING POOL
GYMNASIUM
INDOOR GAMES
CYBER CAFE
LIBRARY
BANQUET HALL
GUEST HOUSE A/C
THEATER
STREET LIGHT
PAVED BLOCK ROAD
DRAINAGE LINE
MINERAL WATER PLANT
MAIN GATE WITH SECURITY CABIN
CC TV CAMERA
INTER COM FACILITY
MUSICAL JOGGING TRACK
DISCOTHEQUE
FOUNTAIN
PARTY PLOT
TAMPLE
RELAX GARDEN
GARBAGE COLLECTION

# દિપોત્સવી અંક - ૨૦૧૨

સુજ્ઞ જ્ઞાતીજનો

મઝામાં હશો.....

અધિક ભાદરવો માસ પૂર્ણ થઇ ગયો અને આપણે આપણા ટ્રેક પર આવી ગયા. સપ્ટેમ્બર માસની છેલ્લી તારીખ નવયુગની જાહેરાત મોકલવાની હતી. તો દરેક જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કે આપશ્રીએ જાહેરાત મોકલી હશે તો આપનો ખૂબ ખૂબ આભાર... અને ન મોકલી હોય તો સવેળા નવયુગ મળે જાહેરાત મોકલી આપવા કૃપા કરશોજી... સામેના પાના પર દિપોત્સવી અંકની જાહેરાત માટેનું ફોર્મ તથા જાહેરાતના દરો છાપવામાં આવ્યા છે. તો ફોર્મ ભરી તુરત રવાના કરશોજી..

આપ સર્વે જ્ઞાતિજનો પણ સમજુ છે...જ્યારે હું ખોબો ભરીને માંગું ત્યારે તમે સૌ મને દરિયો આપી દો છો.. તો આ વર્ષે નવયુગની ઝોળી છલકાવી દેશો. ૫૦ ... ૫૦ વર્ષથી નિયમિત વિના મૂલ્યે મળતુ નવયુગ.. સદા બહાર રહે... યાવતચંદ્રોદિવાકર ચાલતુ જ રહે એ આશય રાખી દરેક જ્ઞાતિજનો નવયુગમાં જાહેરાત અવશ્ય આપે જ. ૧૭૫૦ નવયુગ જ્ઞાતિજનોને મળે છે.. તો એમાંથી ૭૫ ટકા જ્ઞાતિજનો પણ જાહેરાત આપશે તો આપણે નવયુગને જરૂરથી પગભર કરી શકીશુ... જરૂર છે તમારા સૌના સાથ - સહકારની...

દરેક એકમના પ્રમુખ/મંત્રી/કારોબારી સભ્યો પહેલા પોતાની જાહેરાત આપે ત્યારબાદ જ્ઞાતિજનો પાસે જાહેરાત લેવા જાય.. હવે તો યુવાનો અને મહિલાઓ પણ સક્રિય થઇ રહ્યા છો...તો તેઓ પણ આ ફરજમાં જોડાય એમના ઓળખીતા કે સંપર્કમાં આવતા બહારની વ્યક્તિઓને પણ સમજાવી કે જ્યાં સર્વિસ કરતા હોય ત્યાંથી પણ લઇ એક સમાજ સેવાનું સુંદર કાર્ય કરીએ....દર મહિને મળતા અને નવયુગમાં નિયમિત પોતાના મહિલા મંડળના સમાચાર મોકલતા મહિલા મંડળો પણ નવયુગ માટે બનતા પ્રયત્નો કરી જાહેરાત ઉઘરાવે અને નવયુગને મદદરૂપ બનો... નવયુગે તમને નિરાશ નથી કર્યા...હવે તમારો વારો છે... ચાલો તો હવે જેમ બને એમ જલ્દીથી જાહેરાત મોકલી આપશો......એજ અપેક્ષા....

**સત્કૈવલ સાહેબ**



**સ્વ. પ્રવિણચંદ્ર ભીખુભાઇ પંચોલી**
**જન્મ તા. : ૧૮.૧૦.૧૯૫૨ અવસાન : ૨૪.૦૯.૨૦૧૨**

સાગર ડેરી, મેઇનબજાર, વ્યારા. જિ.તાપી
ફોન : ૦૨૬૨૬-૨૨૨૪૦૧

## શ્રદ્ધાંજલી

અંજલી આપતા હૈયુ તુટે છે....
શ્રદ્ધાંજલિ લખતા શબ્દો ખુટે છે....
કુદરતના ખજાનામાં ખોટ પડે છે..
ત્યારે ધરતીના પુષ્પો ચુંટે છે..
પ્રભુ આપના દિવંગત આત્માને ચિરઃશાંતિ અર્પે
એજ અમારા સૌની પ્રાર્થના......

**અર્પણકર્તા**

ગં.સ્વ. કુમુદબેન પ્રવિણભાઇ પંચોલી
શ્રીમતિ હેતા એસ. પટેલ શ્રી સંજયકુમાર એસ. પટેલ
ચિ. દર્શિત પ્રવિણભાઇ પંચોલી
શ્રી અતુલકુમાર ભીખુભાઇ પંચોલી
વ્યારા
શ્રી નરેશભાઇ ભીખુભાઇ પંચોલી-યુ.કે.
શ્રીમતિ ઇંદિરાબેન એન. પંચોલી-યુ.કે.
શ્રી સુધીરકુમાર ભીખુભાઇ પંચોલી-યુ.કે.
શ્રીમતિ મીતાબેન એસ. પંચોલી-યુ.કે.
ચિ. અનિષા-ચિ. મોનલ - ચિ. રાહી-યુ.કે.

શ્રી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી
શ્રી ગમનભાઇ ખુશાલદાસ પંચોલી તથા પરિવાર

# દિપોત્સવી અંક - ૨૦૧૨

| | | | | | |
|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ` ૨૫૦૦/- | ☐ | મલ્ટીકલર | ` ૬,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ` ૧,૫૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ` ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ` ૧,૨૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ` ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૬૫૦/-) | ` ૬૦૦/- | ☐ | ચોથુ કવરપેજ | ` ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (એક ફોટા સાથે-૩૫૦/-) | ` ૩૦૦/- | | | |

**(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા.....................રોકડા/ડ્રાફ્ટ/આંગડીયા દ્વારા મોકલ્યા છે. **(ડ્રાફ્ટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c પંચોલી નવયુગના નામનો મોકલવો. (ડ્રાફ્ટ માટે - Payble at Ankleshwar) (ચેકમાં વટાવ ખર્ચ વધુ લાગતા હોય ચેક લેવાના બંધ કર્યા છે**....તકલીફ બદલ ક્ષમા)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................................

(૨)........................................................ (૩)........................................................

(૪)........................................................ (૫)........................................................

(૬)........................................................ (૭)........................................................

(૮)........................................................ (૯)........................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીન ...................................... ફોન : (ઘર)................................(ઓ)................................

મોબાઈલ ..........................................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૧૫.૧૦.૨૦૧૨ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ**

**તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**ફોન : ૦૨૬૪૬ (ઓ) ૨૫૨૮૫૨ (ઘર) ૨૯૧૮૫૨ મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી વરિષ્ઠ નાગરિક મંડળ, વડોદરા

### એક દિવસીય પ્રવાસ



વરિષ્ઠ નાગરિક મંડળ તેમજ મહિલા સમાજના સંયુકત ઉપક્રમે તા. ૧૩ સપ્ટેમ્બ-૧૨ના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ભજનોની રમઝટ અને હળવી વરસાદી ઝરમરમાં શરૂઆત કરી. પ્રવાસનો પહેલો મુકામ ગરૂડેશ્વરમાં કરવામાં આવ્યો. નયનરમ્ય નર્મદાના વિપુલ જળરાશીમાં દર્શન અને સ્નાનનો લાભ લઇ ગરમાગરમ મકાઇના ગોટા અને ચ્હા-કોફીને ન્યાય આપી તાજગી અનુભવી.

સાતપુડાના ડુંગરોની હારમાળા અને મેઘરાજાની મોડી મોડી મહેરથી લીલીછમ ધરતી અને પ્રકૃતિ સોળે કળાએ ખીલી હતી. તણખલા પાસે આવેલ નાની અંબાજીનું પૌરાણિક મંદિરના પરિસરમાં ગુફા, નાનકડો ધોધ - ઝરણું મંદિરની પવિત્રતામાં વધારો કરતાં હતાં. માતાજીની સ્તુતિ, પ્રાર્થના અને ભજનોથી અધિક ભાદરવાની અગિયારસને યાદગાર બનાવી. સંધ્યા આરતી ટાણે મંદિરમાં વાઘ આવતો હોવાની લોકવાયકા છે.

મંદિરના વિશાળ હોલમાં શ્રી મધુસુદનભાઇ અને શ્રી ચંદ્રકાંતભાઇએ સામાન્યટાનની કસોટી કરતી બે રમતો રમાડી. વિજેતાઓને શ્રી બાબુભાઇ, શ્રી મધુભાઇ, શ્રી રમેશભાઇ અને શ્રી મહેન્દ્રભાઇના વરદ હસ્તે ઇનામોથી નવાજ્યા.

જેમાં પ્રથમ રમતમાં ગુજરાતના મુખ્યમંત્રીઓની ઓળખમાં પ્રથમ વિજેતા : શ્રી અરવિંદભાઇ ડી. પંચોલી અને દ્વિતીય વિજેતા શ્રી બિપીનભાઇ બી. પંચોલી તથા બીજી રમતમાં વૃક્ષની ડાળીમાં છુપાયેલા રાષ્ટ્રીય વીરોને ઓળખવાની રમતના પ્રથમ વિજેતા શ્રીમતિ પ્રવિણાબેન એસ. પટેલ તથા દ્વિતીય વિજેતા શ્રી કનુભાઇ સી. પંચોલી થયા હતા. ત્યારબાદ મોહનથાળ સહિતના સ્વાદિષ્ટ ભોજન માટે મેઘરાજા પણ આવી પહોંચ્યા.

બીજુ કાશી કહેવાતા કરનાળી તીર્થમાં આવેલ અતિ પ્રાચિન કુબેર મંદિર આવેલું છે. જ્યા અમાસને દિવસે હજારો ભાવિક ભકતો દર્શને આવે છે. એક સાથે ૭૫ થી ૮૦ હજાર ભકતો મહાપ્રસાદ લઇ શકે એવો વિશાળ ભોજનાલય છે. કુબેર મંદિરની સાંધ્ય આરતીનો લાભ સૌને મળ્યો.

ગરમાગરમ ખીચડી-કઢીના હળવા ભોજન પછી વળતી મુસાફરી શરૂ થઇ.શ્રી અશ્વિનભાઇ અને ડો. સૂર્યકાંતભાઇના પ્રાસંગિક વ્યકતવ્ય અને યાદગાર પ્રવાસ આયોજકો તેમજ કેટરીંગ સહિત લકઝરી બસ સુવિધા માટે શ્રી દિલીપભાઇ ટેલરના આભાર સહ પોતપોતાના વિસ્તારમાં પ્રવાસની પૂર્ણાહુતિ કરી..

## સમૂહ જન્મોત્સવ

વરિષ્ઠ નાગીરક મંડળના સપ્ટેમબર માસના જન્મેલા સભ્યોનો સમૂહ જન્મોત્સવ તા. ૧૭મી સપ્ટેમ્બર-૧૨ના દિને યોજાયો. અજીતનગર નિવાસી શ્રીમતિ ગીતાબેન અને શ્રી મહેન્દ્રભાઇ પી. પંચોલીએ જન્મોત્સવનું આયોજન કર્યુ હતું. પ્રમુખશ્રી મધુસુદનભાઇના આવકાર અને પ્રાસંગિક વ્યકતવ્ય પછી શ્રીમતિ જ્યોત્સનાબેન મપારાએ દીપ પ્રગટાવી પ્રાર્થના કરી. જન્મોત્સવી ભાઇ-બહેનોનું એલોમેન્ડાના સુંદર પુષ્પોથી અભિવાદન કરી નિરામય દિર્ઘાયુની શુભેચ્છાઓ પાઠવવામાં આવી. શ્રીમતિ ઇંદુબેને ‘શ્રી કૃષ્ણ શરણંમમ સહિત અન્ય મંત્રોનું શબ્દોમાં અર્થઘટન સમજાવ્યું. ડો. સૂર્યકાંતભાઇએ પુષ્ટીમાર્ગ વિશે લઘુ વ્યકતવ્ય આપ્યું. ‘વધુ સારા થવાની ક્ષમતા દરેક માણસમાં હોય છે. ’ ચિંતનાત્મક લેખનું વાંચન શ્રી ચંદ્રકાંતભાઇએ કર્યુ. આ લેખના વાંચન બાદ સભ્યોએ સ્વાનુભવોથી રસપ્રદ વાર્તાલાપ કર્યો. અને આવા લેખોની સંક્ષિપ્ત રજુઆત માટે સભ્યોએ આનંદ વ્યકત કર્યો.

વરિષ્ઠ નાગરિક મંડળનો વાર્ષિકોત્સવ ‘વડીલ વિસામો’માં રંગેચંગે ઉજવાય એ માટે સૌએ સક્રિય સહકારની ખાત્રી આપી. યજમાન દંપતિએ કરેલ સુંદર વયવસ્થા સહિતનું સ્વાદિષ્ટ ભોજન સૌએ પ્રસન્ન ચિત્તે માણ્યું. શ્રીમતિ ઇંદુબેનના આભારદર્શન બાદ ઓકટોબર માસના સમૂહ જન્મોત્સવમાં મળવાનું નકકી કરી છુટા પડયા.

જન્મોત્સવ નિમિત્તે

રૂા. ૨૫૧/- શ્રીમતિ ઉર્મિલાબેન સુરેશચંદ્ર પંચોલી,

રૂા. ૧૫૧/- શ્રીમતિ પ્રેમીલાબેન નવિનચંદ્ર પંચોલી,

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

તા. ૮.૦૯.૨૦૧૨ને શનિવારના રોજ પંચોલી સેવા સમાજ મહામંડળના સહમંત્રી શ્રી ભરતભાઇ ચંપકભાઇ પંચોલી-વ્યારા, મહામંડળના ખજાનચી બોર્ડના અધ્યક્ષ ડૉ. મહેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર અને પંચોલી નવયુગના તંત્રી શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વરથી સાંજે ૫ કલાકે રાજપીપલા મુલાકાતે પધાર્યા. સૌ પ્રથમ બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિરમાં દર્શન કરી પંચોલી સેવા સમાજ મહામંડળના સહમંત્રી શ્રી ચંદ્રકાંત પંચોલીના નિવાસસ્થાને પધાર્યા જ્યાં પંચોલી સેવા મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા સહમંત્રીશ્રી અને પંચોલી ભગીની સમાજના ખજાનચીશ્રીએ સૌ મહેમાનોને આવકાર્યા.

સાંજે ૬ કલાકે મહામંડળ તથા લેસ્ટર યુ.કે સમાજ તરફથી મળતી આર્થિક સહાય મેળવનાર વિધવાબહેનો અને નિરાધાર ભાઇના ઘરે ઘરે જઇને એમની જાત માહિતી તથા શુભેચ્છા મુલાકાત લીધી. રાત્રે ૮.૩૦ કલાકે શુભેચ્છા મુલાકાત પતાવી પંચોલી સેવા મંડળના મંત્રીશ્રી જયેશભાઇ પંચોલીના નિવાસસ્થાને સૌ મહેમાનો સાથે ભોજનવિધિ પતાવી રાત્રે ૯.૩૦ કલાકે શ્રી ચંદ્રકાંતભાઇ પંચોલીના નિવાસસ્થાને પંચોલી સેવા મંડળ , પંચોલી વાડી ટ્રસ્ટ તેમજ પંચોલી ભગીની સમાજના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની સંયુકત મિટીંગનું આયોજન બહારગામથી પધારેલ સૌ મહેમાનો સાથે કરવામાં આવી. પ્રથમ સૌ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. ત્યારબાદ ખૂબ જ તંદુરસ્ત વાતાવરણમાં મહિલાઓ અને યુવાનોને પ્રોત્સાહિત કરવાની યોજનાઓ રજુ કરી માર્ગદર્શન આપ્યું. શ્રીમતિ હિનાબેને સૌ મહેમાનો તથા દરેક સંલગ્ન સંસ્થા તથા હોદ્દેદારો તથા કારોબારી સભ્યો માટે આઇસક્રીમ અને મિટીંગના આયોજન માટે સુંદર હોલની વ્યવસ્થા કરવા બદલ તથા કિંમતી સમયનો ભોગ આપી બહારગામથી પધારેલ મહેમાનોનો આભાર માની રાત્રે ૧૧ કલાકે મિટીંગ પુરી થયેલ જાહેર કરી હતી.

## યોગાનુયોગ

તા. ૮.૯.૧૨ને શનિવારે રાત્રે ૧૦.૩૦ કલાકે રાજપીપલા સેવા મંડળના માજી ઉપપ્રમુખ/મંત્રી વાય.બીના હુલામણા નામથી ઓળખાતા સ્વ. યોગેશભાઇ તથા શ્રી ગીરીશભાઇ ના માતુશ્રી ગં.સ્વ. કાશીબેન બાબુભાઇ પંચોલી તથા એજ સમયે અને એજ તારીખે રાજપીપલા સેવા મંડળના માજી પ્રમુખ શ્રી ઇન્દ્રવદનભાઇ પંચોલીના કાકી ગં.સ્વ. પંષ્પાબેન શનુભાઇ પંચોલીનું આમલેથા મુકામે અવસાન થયું. બન્ને કૌટુંબીક સબંધો ધરાવે છે... બીજે દિવસે તા. ૯.૯.૧૨ને રવિવારના રોજ સવારે બન્ને વૃદ્ધાઓને સાથે સાથે ચિતા પર રાજપીપલા સ્મશાન ગૃહમાં શાસ્ત્રોક્ત વિધિ અને ગાયત્રી મંત્રોચ્ચાર સાથે આહુતિ આપી અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. બન્ને સ્વ. મૃતઆત્માઓ સરખી ઉંમરના હોય રાજપીપલામાં પંચોલી સમાજમાં એક સાથે બે આત્માઓનો અંતિમસંસ્કાર એ પ્રથમ અને ચિરઃસ્મરણિય પ્રસંગ રહ્યો...

## ભાડભૂત-કુંભમુળો....ધાર્મિક પ્રવાસ

તા. ૨૬.૯.૧૨ને રવિવારે વહેલી સવારે ૩.૪૫ કલાકે રાજપીપલા સફેદ ટાવરથી પંચોલી સમાજના ૧૪ ભાઇઓ અને ૧૬ બહેનો મળીને ૧૯ વર્ષે આવતી ભાડભુત ભારેશ્વર મહાદેવ -કુંભમેળાની યાત્રા માટે બે ગાડી ઉપડી. બરાબર ૬.૪૫ કલાકે પહોંચ્યા. સુંદર દર્શન અને સ્નાનનો લાભ લઇ ૧૧ કલાકે ત્યાંથી નીકળી ભરૂચ આડેશ્વર મુકામે નિલકંઠેશ્વર મહાદેવના મંદિરે નર્મદાસ્નાન કરી દર્શનનો લાભ લીધો. બપોરનું ભોજન કાઠીયાવાડી હોટલમાં કર્યુ. ૩ કલાકે નારેશ્વર મુકામે રંગઅવધૂતના દર્શન કર્યા અને પાંચ વાગે કાયાવરોહણ મંદિરે લકુલીશ મહાદેવના દર્શન કરી રાત્રે ૯ કલાકે સુંદર અને સફળ પ્રવાસ નિવિઘ્ને પતાવી પરત ફર્યા...

પંચોલી સેવા મંડળ રાજપીપલાને જન્મદિન નિમિત્તે નીચે મુજબ ભેટ મળી.

૧૦૧ કુ. માનસી હસમુખભાઇ પંચોલી
૧૦૦ શ્રી બાલકૃષ્ણ પરસોત્તમદાસ પંચોલી
૧૦૧ શ્રીમતિ મંજુલાબેન ચંદ્રકાંત પંચોલી
૧૦૧ ચિ. શિવમ દીપનભાઇ પંચોલી
૧૦૧ શ્રીમતિ વૈશાલીબેન અલ્પેશભાઇ પંચોલી
૧૦૧ ડૉ. અલ્પેશભાઇ દિનબંધુભાઇ પંચોલી
૧૨૧ ચિ. દેવકુમાર હિતેશકુમાર પંચોલી
૧૦૧ ચિ. અંજલી ભદ્રેશકુમાર પંચોલી
૧૦૧ શ્રીમતિ જયશ્રીબેન દીપનભાઇ પંચોલી
૧૦૧ શ્રીમતિ ભાનુબેન સુમનભાઇ પંચોલી
૨૫૧ ગં.સ્વ. કાશીબેન બાબુભાઇ પંચોલીના સ્મરણાર્થે હસ્તે. શ્રી ગિરીશચંદ્ર બાબુભાઇ પંચોલી

## શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર

તા. ૨.૮.૨૦૧૨ને રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે શ્રવણ વિદ્યાભવન, કેશવપાર્ક ખાતે એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ સમુહમાં પ્રાર્થના બાદ ભરૂચ નિવાસી શ્રી ચેતનભાઇ વિ. પંચોલીના માતુશ્રી ગં.સ્વ.

જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલીનું નિધન થતા એમના આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાડવામાં આવ્યું હતું.

ડૉ. મહેશભાઇએ શ્રદ્ધાંજલી આપતા જણાવ્યું હતું કે પૂ. જેકોરબા ઘણા વર્ષથી અંકલેશ્વર એકમના તેજસ્વી તારલાઓને ઇનામોથી નવાજતા હતા.. અને વારંવાર પ્રસંગોપાત દાનની સરવાણી વહાવતા હતા... પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....

ડૉ. મહેશભાઇ મિસ્ત્રીએ સમાજ સુરક્ષા યોજના માટે વિશેષ માહિતીનું પ્રેઝન્ટેશન કર્યુ હતું. અને યોજના વિશે વિશેષ માહિતી પર પ્રકાશ પાડ્યો હતો... અને જણાવ્યું હતુ કે એક વિક સુધીમાં સમાજ સુરક્ષા યોજનામાં નામ નોંધાવશે તો અંકલેશ્વર એકમ તરફથી રૂા. ૧૦૦ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે... સ્થળ પર આઠ નામો નોંધાયા હતા.

સુરત મુકામે યોજનાર સુવર્ણ જયંતિ અધિવેશનની રજીસ્ટ્રેશન ફી એકમના પ્રમુખશ્રીને રૂા. ૧૫૦/-(વ્યકિત દીઠ) પ્રમાણે નોંધાવવા જણાવ્યું હતું.

પ્રવાસના આયોજન માટે ચર્ચા વિચારણાને અંતે તા. ૧૬ને રવિવારના રોજ સાપુતારા, ઉનાઇ, ગીરાધોધના પ્રવાસનું આયોજન નકકી કરવામાં આવ્યું અને તેમાં પણ તા. ૭ સુધીમાં જે નામ નોંધાવશે તેને પ્રવાસ ફીમાં ૧૦૦/-રૂા. ડિસ્કાઉન્ટ આપવામાં આવશે...

ડૉ. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રીએ મો ના કેન્સર વિશે માહિતી પ્રોજેકટર દ્વાર આપી હતી.. જયારે શ્રી અજયકુમાર ચંદુલાલ પંચોલીએ ઘરમાં સેફટી વિશે પ્રોજેકટર દ્વારા સુંદર રજુઆત કરી હતી. અંતમાં હાઉસી રમ્યા હતા.. અલ્પાહારને ન્યાય આપ્યા બાદ છુટા પડયા હતા...

એક દિવસીય પ્રવાસ

તા. ૧૫.૯.૧૨ને શનિવારની રોજ રાત્રે ૧૧.૩૦ કલાકે મેધના આર્કેડ ચૌટાબજાર અંકલેશ્વરથી એક લકઝરી બસ તથા તુફાનમેલ દ્વારા શ્રીફળ વધેરી ઉનાઇમાના જયકારના નારા સાથે પ્રવાસની શુભ શરૂઆત કરી હતી...

સવારે ૮.૦૦ કલાકે સાપુતારા પહોંચી ગયા હતા.. ચ્હા-નાસ્તાને ન્યાય આપ્યાબાદ સર્વે પોતપોતાની રીતે સાપુતારા સાઇટસીન કરવા ગયા હતા.... જયાં જોવા લાયક ટેબલ પોંઇટ, સ્વામીનારાયણ મંદિર, મ્યુઝીયમ, બોટીંગ વિગેરે સ્થળો પર સર્વે આનંદથી ફર્યા હતા. બપોરે ભોજનબાદ વાંસદા નજદીક આવેલ ગીરાધોધની મુલાકાતે પહોચ્યા. ડુંગરાળ પ્રદેશ અને ટુક સમયમાં આવેલ વરસાદે ગીરાધોધ સુંદર અને નયનરમ્ય લાગતો હતો.. સૌએ આનંદ પ્રમોદ કર્યા બાદ ઉનાઇ મુકામે પહોંચ્યા. પ્રથમ ઉનાઇમાં આપણા સમાજની આવેલ વાડીમાં ઉતારો કર્યો. જયાં રાત્રી ભોજનની તૈયારી શરૂ કરી અને બાકીના લોકો ઉનાઇ દર્શન માટે નીકળ્યા. જયાં ઉનાઇમાતાના દર્શન કર્યા. ગરમપાણીના કુંડમાં હાથ-પગ ધોઇ ફ્રેશ થયા. અને ઉનાઇ બજારમાં ફર્યા...રાત્રીના ભોજન બાદ અંકલેશ્વર પરત આવવા નીકળ્યા. ઉનાઇ મુકામે પંચોલી સમાજની વાડીના વહીવટદાર શ્રી દિલીપભાઇએ સુંદર સહકાર અને તૈયારી કરી વિશિષ્ટ સેવા આપી હતી... સમાજ તરફથી તેમનો આભાર વ્યકત કર્યો હતો. રાત્રે ૧૧ કલાકે અંકલેશ્વર પરત ફર્યા હતા.

## શ્રી પંચોલી સમાજ-અમદાવાદ

તા. ૧૫ ઓગસ્ટ-૨૦૧૨ સવારે ૯ કલાકે અમદાવાદના એલીસબ્રીજ ખાતે, ગુજરાત વિઝયુઅલ આર્ટીસ્ટ એસોસીએશન ઉપક્રમે ચિત્ર સર્જન કાર્યક્રમ યોજાય છે. ૧૫ વર્ષથી આ કાર્યક્રમના ઉદ્દઘોષકતરીકે સુપ્રસિદ્ધ ચિત્રકાર જય પંચોલી રહ્યા છે. ૩૦૦ ઉપરાંત ગુજરાતના કલાકારોની હાજરીમાં સફળ સંચાલન બદલ હૃદયના અનેક અભિનંદન....

હઠીસિંગ વિઝયુઅલ આર્ટ સેન્ટર અમદાવાદ તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ ચિત્રકાર પ્રાચી પટેલના ચિત્રોનું પ્રદર્શન-ઉદ્દઘાટક-મુખ્ય મહેમાન ચિત્રકાર જય પંચોલી હસ્તે થયું.

એચ. કે.કોલેજ અમદાવાદમાં યુથ ફેસ્ટીવલની તૈયારી રૂપે ચિત્રકાર શ્રી જય પંચોલીનું રંગોળીકલાનું ડેમોસ્ટ્રેશન.. વાર્તાલાપ તા. ૨૮. ઓગસ્ટે સુરતના કલાકારો 'ગુજરાત કલા પ્રતિષ્ઠાન' ચિત્ર પ્રદર્શનમાં નું બહુમાન-પ્રવચન યોજયું.

ભવન્સ કોલેજ ઉપક્રમે યુથ ફેસ્ટીવલ ગુજરાત યુનિ. માટે રંગોળી-કાર્ટુન સ્પર્ધાના નિર્ણાયક તરીકે ચિત્રકાર જયપંચોલીએ ૧૦ સપ્ટેમ્બરે કામ કર્યુ....

## યુવા મંચ આવિસ્કાર ગ્રુપ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા સંચાલિત યુવામંચ-આવિષ્કાર ગ્રુપે તા. ૨૨ જૂન-૨૦૧૨ના દિને એક 'ગેટ ટુ ગેધર' પોગ્રામનું આયોજન કર્યુ હતું. રઘુલીલા મોલ કાંદીવલી ખાતે વિલેજ થીમ હોટેલ ખાતે ૨૧ સભ્યોની હાજરીમાં વિવિધ રમતો, કઠપૂતળી શો, સંગીત ખુરશી,

નવયુગ શુભચિંતક શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર સ્વ. અંબાલાલ નાથાલાલ પંચોલી તેજગઢ

અંતાક્ષરીની રમઝટ દ્વારા મનોરંજન મેળવ્યું હતું. ગુજરાતના ગ્રામ્ય વાતાવરણમાં તેમણે આયોજીત કરેલ ગ્રામ્ય સ્પર્ધામાં સર્વે સભ્યોએ ભાગ લઇ ગીફ્ટ કૂપનનો જીતી હતી. સંગીત ખૂરશીમાં ભાગ લઇ ઇનામોનો વરસાદ વરસાવ્યો હતો.

જાત જાતના ભોજન, પંજાબી, ગુજરાતી, મદ્રાસી વિગેરે વાનગીના આસ્વાદ સાથે આઇસક્રીમ, જ્યુસનો આનંદ માણતા રાત્રે ૧૧ કલાકે એકબીના સંગાથે કાર્યક્રમની મોજ માણી છુટા પડ્યા. આવિષ્કાર ગ્રુપના પ્રમુખ શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધીએ સૌનો આભાર માની આગામી દિવાળી રથોત્સવના કાર્યક્રમની રૂપરેખા આપી સર્વેને વિદાય આપી હતી.....

## શ્રીજી પધાર્યા અમ આંગણે.....

| | |
|---|---|
| શ્રી પંચોલી સમાજ-વ્યારા | ૧૦ દિવસ |
| શ્રી સંજય જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ | ૧૦ દિવસ |
| શ્રી મહેન્દ્રભાઇ ગણપતભાઇ મિસ્ત્રી-વિરાર | ૭ દિવસ |
| શ્રી જતીન કિશોરભાઇ મિસ્ત્રી-મીરારોડ | ૫ દિવસ |
| શ્રી દેવાંગ કીરીટભાઇ ગાંધી-મીરારોડ | દોઢ દિવસ |
| શ્રી જયંતિલાલ ચુનીલાલ મિસ્ત્રી-મીરારોડ | દોઢ દિવસ |
| શ્રી પ્રદીપકુમાર હરકીશનદાસ મિસ્ત્રી-મીરારોડ | દોઢ દિવસ |
| શ્રી ભુપેન્દ્ર ગણપતભાઇ મિસ્ત્રી-શાંતાક્રુઝ | ૫ દિવસ |
| શ્રી જતીન નગીનદાસ મિસ્ત્રી-ખેતવાડી | દોઢ દિવસ |
| શ્રી જીતેન્દ્ર નગીનલાલ મિસ્ત્રી-નવજીવન સો. | દોઢ દિવસ |
| શ્રી મહેન્દ્ર ચુનિલાલ મિસ્ત્રી-૩જા કુંભારવાડા | દોઢ દિવસ |
| શ્રી કલ્પેશ શાંતિલાલ પંચોલી-અંધેરી | દોઢ દિવસ |
| શ્રી મયંક ઠાકોરલાલ મિસ્ત્રી-ગોરેગામ | દોઢ દિવસ |
| શ્રી મહેન્દ્ર ગાંડાભાઇ પંચોલી-કાંદીવલી | દોઢ દિવસ |
| શ્રી યોગેશ હરગોવિંદદાસ મિસ્ત્રી-કાંદીવલી | દોઢ દિવસ |

## તેજસ્વી તારલા જોગ

- I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજ્યુએશન, પોષ્ટ ગ્રેજ્યુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના <u>પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરૂં સરનામું, ધોરણ અને ટકા ની સંપૂર્ણ</u> વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફક્ત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે
- કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.
- ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની <u>માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ તારીખ તા. ૧૫ ઓકટોબર-૧૨</u> સુધીમાં નીચે ના સરનામે મોકલી આપવા વિનંતી

**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,

ડો. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

## હેપી બર્થ ડે........




જીત પ્રજેશકુમાર
પંચોલી-રાજપીપલા
૧૦.૯.૨૦૧૨



રિધાન રોહનકુમાર
પંચોલી-રાજપીપલા
૨૯.૯.૨૦૧૧



વૈદેહી નિલેશકુમાર
મિસ્ત્રી-ભીલાડ
૨૯.૯.૨૦૧૨



હર્ષિલ હિરેનકુમાર
પંચોલી-કવાંટ
૩.૧૦.૨૦૧૦

નવયુગ શુભચિંતક સ્વ. ચીમનભાઇ પરસોતમદાસ પંચોલી જબુગામ શ્રી કિશનલાલ મગનલાલ પંચોલી જબુગામ

# મહિલા સમાચાર

## રેવા સખી મંડળ-ચાંદોદ

પંચોલી રેવા સખી મંડળ ચાંદોદની એક મિટીંગ તા. બેલાબેન પંચોલીને ત્યાં યોજાય. મિટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ રેવા સખી મંડળના બે વર્ષના હિસાબો રજુ કર્યા જે સર્વાનુમતે પાસ કરી મંજુર કરવામાં આવ્યા. પુત્રી મીરાના શુભલગ્ન નિમિત્તે બેલાબેને રૂા. ૭૦૧/- ભેટ આપ્યા.

તા. ૧૨.૮.૨૦૧૨ના રોજ મંત્રી શ્રીમતિ નિમિષાબેનને ત્યાં મિટીંગ મળી. અધિકમાસ આવતો હોવાથી ૧૮ વર્ષે ભરાતા ભાડભૂતમાં કુંભમેળાના પ્રવાસ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને અંતે તા. ૨૧.૮.૨૦૧૨ના રોજ પ્રવાસ ઉપાડવાનું નકકી કરવામાં આવ્યુ.

તા. ૨૧.૮.૨૦૧૨ના રોજ સવારે નિકળી પ્રથમ કુકરી(નાયકાકા), નારેશ્વર, કબીરવડ, શુકલતીર્થ, ભાડભુત, ભરૂચ નીલકંઠેશ્વર મહાદેવ અને સ્વામિનારાયણના મંદિરોની ભકિતભાવ પૂર્વક દર્શનનો લાભ લીધો. સ્વામિનારાયણ મંદિરમાં સમૂહ ભોજનનો આનંદ માણ્યો. ત્યારબાદ રાત્રે ચાંદોદ સારી રીતે નિર્વિધ્ને પ્રવાસ સંપન્ન કર્યો.

## શ્રી પંચોલી ભગીની સમાજ,રાજપીપલા

ભગીની સમાજ રાજપીપલાની એક મિટીંગ શ્રીમતિ પૂર્ણિમાબેન મપારાના નિવાસસ્થાને મળી. ગણેશવંદના કરી શુભ શરૂઆત કરી. પૂર્ણિમાબેને સુંદર રમતો રમાડી અને વિજેતા બહેનોને ઇનામોથી નવાજ્યા. મહિલા બચત યોજનાને બે વર્ષ પૂર્ણ થતા હોય લ્હાણી શું આપવી ? એ માટે ચર્ચા કરી એક કમિટી બનાવી અને આવતી મીટીંગમાં લ્હાણી વિશેની જાણકારી આપવી.

અધિકમાસ આવતો હોય પ્રોજેકટ મંત્રીએ પ્રવાસ અંગે ચર્ચા કરી રાજપીપલા એકમના ગં.સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલીના સ્મરણાર્થે રૂા. ૨૫૧/- પીરવારજનો તરફથી ભેટ મળ્યા. કેનેડા નિવાસી શ્રી તેજસભાઇ યોગેશભાઇ પંચોલી અને તેમનું ફેમીલી આવ્યા હોય તેઓ સર્વેનું સ્વાગત કર્યુ. તેમના તરફથી રૂા. ૨૫૧/- ભેટ મળ્યા. અંતમાં પૂર્ણિમાબેન તરફથી સુંદર ભોજન બાદ છુટા પડયા.

તા. ૧૫.૮.૨૦૧૨ના રોજ શ્રીમતિ સ્મૃતિબેનના નિવાસ સ્થાને મિટીંગ મળી. પ્રથમ ઠંડા પીણાથી સ્વાગત કર્યુ. મિટીંગની શરૂઆત ગણેશવંદનાથી કરી. ૧૫મી ઓગસ્ટ હોય દેશભકિતના ગીતો ગાયા. આપણા દેશને આઝાદી અપાવનાર દેશનેતાઓને યાદ કર્યા. દરેક બહેનોને લ્હાણીનું વિતરણ કર્યુ. ત્યારબાદ ગેમ તથા હાઉસી રમ્યા. વિજેતાઓને ઇનામો આપી અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા...

## શ્રી ભગીની સમાજ-મુંબઈ અધિકમાસ-દેવદર્શન

શ્રી પંચોલી ભગીની સમાજ -મુંબઇ તા. ૧૮.૮.૨૦૧૨ના રોજ અધિકમાસ દેવદર્શન નિમિત્તે ૫ મંદિર દર્શનનો પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૩૮ બહેનોના સંગાથે બસ દ્વારા પ્રસ્થાન કર્યુ.

પ્રથમ ગોળદેવળના નાગેશ્વર મહાદેવના દર્શન અને આરતીનો લાભ લીધો. બસમાં આરતી, ભજનની રમઝટ બોલાવતા વડાલાના રામમંદિર તથા હનુમાન મંદિરના દર્શન કર્યા. શાહપુરના જૈન માનસ મંદિરના દર્શન કરી પાવન થયા. વર્ષો જુના વડદાદાના દર્શન કરી સુખડી પ્રસાદનો લાભ લઇ બપોરે દાળભાત-શાક, ખમણી અને લાપસીનું ભોજન લીધું. જૈન મંદિરના નાસ્તા સ્ટોલમાંથી બહેનોએ ખરીદી કરી. ટીટવાળાના ગણપતિ મંદિરનો સુંદર લાભ લીધો. થાણામાં આવેલ પ્રાચીન મહાદેવજીના મંદિરે દર્શન પૂજા કર્યા. અને રાત્રે ૧૦ કલાકે નિવિધ્ને પ્રવાસ પૂર્ણ કરી પરત ફર્યા..

પ્રમુખ શ્રીમતિ ઇલાબેન રજનીકાંત પંચોલીએ પ્રવાસમાં ભાગ લેનાર સર્વે બહેનોનો આભાર માન્યો. પ્રવાસને સફળ બનાવવા મંડળ તરફથી ફરાળી ચેવડો તથા હાથરૂમાલ, શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા તરફથી પાવડરની ડબ્બી, શ્રીમતિ સુશીલાબેન રમેશચંદ્ર મિસ્ત્રી તરફથી લાડવાનો પ્રસાદ, શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી તરફથી સવારની ચા-કોફી આપવામાં આવી હતી...

૨,૫૦૦/- શ્રી સંજય જયંતિલાલ મિસ્ત્રી
૨,૦૦૦/- માનનીય પ્રવિણાબેન મોહનલાલ કાપડિયા
૧,૦૦૦/- શ્રીમતિ ધર્મિષ્ઠાબેન ભુપેન્દ્રભાઇ પંચોલી
૫૦૦/- શ્રીમતિ ઇલાબેન રજનીકાંત પંચોલી
૫૦૧/- શ્રીમતિ જાગૃતિ ચંદ્રવદન મહેતા
૩૦૦/- શ્રીમતિ ભારતીબેન ભરતભાઇ મિસ્ત્રી
૧૦૧/- શ્રીમતિ ઇલાબેન રશ્મીનભાઇ મિસ્ત્રી
૧૦૧/- શ્રીમતિ રીયાબેન કેતનભાઇ મિસ્ત્રી
૧૦૧/- શ્રીમતિ કલાબેન દિલીપભાઇ પંચોલી
૧૦૧/- શ્રીમતિ સુશીલાબેન શરદભાઇ મિસ્ત્રી

નવયુગ શુભચિંતક શ્રી વિઠ્ઠલદાસ મોહનલાલ પંચોલી જબુગામ શ્રી મહેશકુમાર ધીરજલાલ પંચોલી વ્યારા

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૭.૭.૨૦૧૨ના રોજ મહિલા મંડળની મિટીંગ મીનાબેન ચંદુલાલ પંચોલીના નિવાસસ્થાને મળી. મિટીંગની શુભ શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦ વર્ષથી ઉપરની બહેનોમાં મીનાબેન ચંદુલાલ પંચોલી અને ૫૦ વર્ષથી નીચેની બહેનોમાં સંગીતાબેન રમણભાઇ પંચોલી વિજેતા થયા. પ્રમુખશ્રીમતિ શીલાબેને વિજેતાઓને ઇનામો આપ્યા. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૭.૮.૧૨ના રોજ સાધનાબેન હેમલભાઇ મિસ્ત્રીને ત્યાં મિટીંગ મળી. સમૂહ પ્રાર્થના બાદ શીલાબેને સૌને આવકાર્યા. શ્રાવણમાસ હોવાથી અનુરાધાબેન અને મંજુલાબેને ભજનો ગવડાવ્યા. ઓગસ્ટ માસમાં આવતી વર્ષગાંઠ નિમિત્તે ૧૨.૮-ભાવનાબેન, ૧૮.૮-અમિતાબેન અને ૨૦.૮ પૂ. મધુબાને શુભેચ્છાઓ પાઠવી અને ભેટ આપી. વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦ વર્ષથી ઉપરની બહેનોમાં દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી અને ૫૦ વર્ષથી નીચેની બહેનોમાં સાધનાબેન હેમલભાઇ મિસ્ત્રી વિજેતા થયા. પ્રમુખ શ્રીમતિ શીલાબેને વિજેતાઓને ઇનામો આપ્યા. સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલીના સ્મરણાર્થે રૂા. ૨૦૧/- ભેટ મળ્યા. તા. ૭.૯.૨૦૧૨ના રોજ મંજુલાબેનને ત્યાં મળવાનું નકકી કર્યુ. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૭.૯.૨૦૧૨ના રોજ મંજુલાબેન રમેશભાઇ મિસ્ત્રીના નિવાસસ્થાને મિટીંગ રાખવામાં આવી હતી. સમૂહ પ્રાર્થનાથી મિટીંગની શરૂઆત કરી. મંજુલાબેને અધિકમાસની કથા સંભળાવી. સપ્ટેમ્બર માસમાં આવતી બર્થડે નિમિત્તે મીનાબેન હિતેશભાઇ, જયોત્સનાબેન, દેવ્યાનીબેનને પ્રમુખશ્રીએ બર્થડે ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવી. ત્યારબાદ વન મિનિટ ગેમ રમ્યા જેમાં ૫૦ વર્ષથી ઉપરની બહેનોમાં મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી અને ૫૦ વર્ષથી નીચેની ઉંમરની બહેનોમાં સંગીતાબેન રમણભાઇ વિજેતા થયા. વિજેતાઓને ઇનામોથી નવાજયા.પૂ. મધુબા તરફથી એમની વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૧૦૧/-, મંજુલાબેન રમેશભાઇ મિસ્ત્રી તરફથી અધિકમાસ નિમિત્તે રૂા. ૫૩/- તથા આજની મિટીંગ નિમિત્તે રૂા. ૫૧/- ભેટ આપ્યા. આગામી મિટીંગ તા. ૯.૧૦.૧૨ના રોજ નીપાબેન મૌલિકભાઇના નિવાસ સ્થાને રાખવાનું નકકી કરી અલ્પાહાર અને શરબતને ન્યાય આપી છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ-વ્યારા

શ્રી પંચોલી મહિલા મંડળ-વ્યારાની સપ્ટેમ્બમાસની મિટીંગ પંચોલી વાડી ખાતે ૩.૩૦ કલાકે મળી. કુસુમબેને સૌ બહેનોને આવકાર્યા. ભજનથી મિટીંગની શરૂઆત કરી. આજે વાનગી સ્પર્ધા રાખી હોય સ્પર્ધાના નિર્ણાયક શ્રી શીલ્પાબેન શાહે સેવા આપી હતી. કુસમબેને તેમને આવકાર્યા.

વાનગી સ્પર્ધામાં લીલા મકાઇની વાનગી બનાવવાની સ્પર્ધા રાખી હતી. બહેનોએ ઉત્સાહભેર ભાગ લઇ જેમાં પનીર ફયુઝન, પનીર ચટપટી ધારી, કોર્ન પનીર ચીઝ પુલાવ, ચીઝ કોર્નર પાસ્તા, લીલી મકાઇની પેટીસ, તુફાની મસ્તાની સેન્ડવીચ હાંડવો,ચટપટા કોર્નર ચાટ, હેલ્દીકોર્ન કટલેશ, હેલ્દી કોર્ન કરી વીથ પરોઠા, કોર્ન સેવપુરી આઇટમો બનાવી સ્પર્ધાને સફળ બનાવી હતી.

ગીતાબેને આવતા માસની મિટીંગ તા. ૨૧.૧૦.૧૨ના રોજ જાહેર કરી અને તે દિવસે ગરબા હરિફાઇ રાખવાનું નકકી કર્યુ. કુસુમબેને નિર્ણાયકશ્રીને સ્મૃતિભેટ આપી આભાર માન્યો. શિલ્પાબેન શાહે તેમનો નિર્ણય જાહેર કર્યો જેમાં પ્રથમ વાનગી તુફાની-મસ્તાની સેન્ડવીચ હાંડવો-પારૂલબેન હિતેશભાઇ ગાંધી અને દ્વિતીય વિજેતા ચટપટા કોર્ન ચાટ-પ્રવિણાબેન ભૂપેન્દ્રભાઇ ગાંધી થયા હતા જેમને સૌએ અભિનંદન આપ્યા હતાં. ભાગ લેનાર દરેક બહેનો પોતાની રેસીપી અને તેમાં રહેલ પોષકતત્વ અંગે જાણકારી આપી હતી. કુસુમબેને ગણેશોત્સવ અને શિક્ષકદિન અંગે વિશેષ માહિતી આપી હતી. રીટાબેન ગાંધીએ તેમની દિકરી ગાજે ગુજરાત'માં સેમી ફાયનલમાં વિજેતા થયા તેની ખુશી વ્યકત કરી હતી. આનંદીબેને તેમની દિકરી પલક EC ડિપ્લોમાં IS. આવેલ છે તે જણાવ્યું. મંત્રીશ્રી બેલાબેને આનંદીબેનને મહિલા અધ્યક્ષા બન્યા અને મહામંડળમાં સ્થાન મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આનંદીબેને તેમની પ્રવૃત્તિ વિશે જાણકારી આપી હતી. બર્થ ડે નિમિત્તે રૂા. ૧૦૦/- સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી, રૂા. ૫૦/- કાંતાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી તરફથી મળ્યા...દાતાઓનો આભાર માની અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા....

# કાવ્ય.....

## લાગે છે.....

હતો સાથ આપણો ઘડી બે ઘડીનો..
મને તો હજી પણ તું મારી સાથે લાગે છે.
કોઇને હોય ભલે દુવિધા તારા અસ્તિત્વ વિશે,
મને તો હત્ર તું મારી આસપાસ લાગે છે.
પ્રણયભર્યા નયનો નથી તો શું થયુ ?
મને તો હંમેશા તું હૃદયનો ધબકાર લાગે છે.....

શોભા મિસ્ત્રી'અક્ષય' - બીલીમોરા

## સાહસથી ભવસાગર પાર...

અપમાન, અવગણના નથી ખપતા,
હવે જોઇએ છે મીઠો સત્કાર,
રાખવા છે હૈયે શુદ્ધ વિચાર,
થવુ છે માત્ર નિરાધારના આધાર.....

ચાલવું નથી હવે પર્વતની ધાર,
વિતાવવું છે જીવન બની નિરાકાર,
ભલે આવે દુઃખ સંકટો અપાર,
ધૈર્યથી નથી રાખવી તેની દરકાર..

હિંમતથી ઝીલી શત્રુનો પડકાર,
સાહસથી કરવી છે મંઝીલ પાર,
સપડાયું છે નાવ ભર મઝધાર,
ભલે ન સાંપડે કોઇનો સહકાર.

તોફાનમાંથી શાંતિથી કરો સાગરપાર,
અંતે મળશે આશાભર્યો કિનાર.
અંત સમયે આવ્યા પ્રભુને દ્વાર
બાહુમાં સમાવશે ગિરધર ગોપાળ....

હરીશભાઇ સી. પંચોલી-સુરત

## પવિત્ર શ્રાવણમાસ

શ્રાવણ છે પવિત્ર માસ
શિવ શંકરનો પ્રિય છે માસ,
વળી કૃષ્ણજન્મનો પણ આજ છે માસ.
શ્રાવણની શોભા છે અનેરી
શિવ-શંભુને પૂજે છે નર-નારી
મેહુલીયો વરસે છે મન મૂકી
લીલી વનરાજી નાચે ઝુમી ઝુમી
તહેવારોની રમઝટ જામે,
લોકો હર્ષ ઉલ્લાસથી નાચે..
યોગીઓ કરે તપશ્ચર્યા
દાનીઅલ કરે ઉદારતાથી દાન
મેળવવા માંગે વરદાન
ચારે તરફ છે પવિત્રતા
તેથી જ આ માસમાં પ્રભુને પૂજતાં....

જિજ્ઞાશા મિનેશ મિસ્ત્રી-અંધેરી

## શબ્દોની બોલબાલા...

બોલો તો પ્યારુ પ્યારુ બોલો,
બોલો તો મીઠું મીઠું બોલો..
બોલો તો પ્રેમથી બોલો.. હેત સભર નયનથી બોલો..
ધીરેથી અને શાંતિથી બોલો...
થોડુ બોલો પણ મીઠા ભાવથી બોલો..
સમજીને વિચારીને બોલો..
મનને શાતા વળે એવું બોલો...
બોલો તો જોખી જોખીને બોલો..
તોલી તોલીને બોલો...
વિવેક સભર વાણી બોલો...
બોલવાથી વાણી, વિનય અને સંસ્કારની સરવાણી દેખાશે..
બોલવાથી બોલ બંધાશે...તોલ બંધાશે...છાપ વધશે...
થોડું બોલો.. સત્ય બોલો.. પણ
અંતમાં યાદ રાખજો...ન બોલેલા શબ્દના તમે માલિક છો..
પણ બોલાયેલા શબ્દો તમારા માલિક છે.....

પરેશભાઇ પંચોલી-વલ્લભ વિદ્યાનગર

નવયુગ શુભચિંતક શ્રી હેમંતકુમાર રમણીકલાલ ગાંધી વ્યારા શ્રી અમૃતભાઈ વલ્લભભાઈ પંચોલી વ્યારા

# જીવનનું અલ્પવિરામ



રાજપીપલા નિવાસી ગં.સ્વ. કાશીબેન બાબુભાઇ પંચોલી તા. ૮.૯.૨૦૧૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૮૮

આમલેથા નિવાસી ગં.સ્વ. પુષ્પાબેન શનુભાઇ પંચોલી તા. ૮.૯..૨૦૧૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. :૮૮





પાલનપુર પાટીયા-સુરત નિવાસી રતિલાલ નરોત્તમદાસ છાપાવાલા તા. ૧.૯.૨૦૧૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૯


હરીપુરા-સુરત નિવાસી હરકીશનદાસ ભગવાનદાસ પંચોલી તા. ૧૩.૦૯.૨૦૧૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૯૦





હરીપુરા-સુરત નિવાસી સાકરલાલ નાથુભાઇ પરચીગર તા. ૧૩.૦૯.૨૦૧૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૯૦

સુરત નિવાસ ગં.સ્વ. શારદાબેન ચીમનલાલ પંચોલી તા. ૨૬.૦૯.૨૦૧૨ રોજ હરીના ધામમાં ગયા.



વડોદરા-ગોરવા (સુરત)નિવાસી નટવરલાલ નગીનદાસ પંચોલી તા. ૧૧.૦૮.૨૦૧૨ રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૬





નવસારી નિવાસી શ્રી સતિષભાઇ જમનાદાસ મિસ્ત્રી તા.૩૦.૯.૨૦૧૨ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૯૧

મુંબઇ-બીરીવલી નિવાસી મનુભાઇ કીકાભાઇ મિસ્ત્રી તા. ૯.૦૮૨૦૧૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૮૬





અંકલેશ્વર નિવાસી સંજયભાઇ ભોગીભાઇ પંચોલી તા. ૧૭.૦૯. ૨૦૧૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૪૪

વ્યારા નિવાસ પ્રવિણભાઇ ભીખુભાઇ પંચોલી તા. ૨૩.૦૯.૨૦૧૨ રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૬૦





વડોદરા નિવાસી હંસાબેન ઉમંગલાલ પંચોલી તા. ૨૧.૦૯. ૨૦૧૨ના રોજ હરીના ધામમાં ગયા.

પ્રભુ દિવંગત આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના
તથા એમના સ્વજનો પર આવી પડેલ આકસ્મિક આઘાત સહન કરવાની પ્રભુ શકિત અર્પે એજ પ્રાર્થના

નવયુગ શુભચિંતક શ્રી નવિનચંદ્ર ઠાકોરલાલ ગાંધી વ્યારા સ્વ. ભીખુભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રી વ્યારા

RNI NO. 6304 / 62



# ટીપે ટીપે સરોવર ભરાય

- ❖ ૧૦૧ /- રાજપીપલા(ભરૂચ) નિવાસી શ્રી પ્રજેશકુમાર ગુરૂસેવક પંચોલી તરફથી ચિ. જીતની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે....
- ❖ ૧૦૧ /- રાજપીપલા નિવાસી શ્રી ગુરૂસેવક છગનલાલ પંચોલી તરફથી સર્વિસમાંથી રીટાયર થયા તે નિમિત્તે.
- ❖ ૨૫૦ /- હરીપુરા-સુરત નિવાસી સ્વ. હરકીશનદાસ ભગવાનદાસ પંચોલી તા. ૧૩.૦૯.૨૦૧૨ના દેવલોક પામ્યા તેમના સ્મરણાર્થે પરિવારજનો તરફથી.
- ❖ ૧૦૧ /- અંકલેશ્વર નિવાસી મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી તરફથી એમની વર્ષગાંઠ નિમિત્તે ભેટ
- ❖ ૧૧૧ /- વ્યારા નિવાસી શ્રી રામુભાઇ નાથુભાઇ પંચોલી તરફથી એમની તા. ૧૬.૦૯.૨૦૧૨ના રોજ ૮૨માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે..
- ❖ ૫૧ /- વડોદરા નિવાસી શરદકુમાર બળદેવભાઇ પંચોલી-નાના તરફથી દોહિત્ર ચિ હર્ષિલની બીજી વર્ષગાંઠ નિમિત્તે...
- ❖ ૧૦૧ /- વડોદરા નિવાસી ઉમંગભાઇ આર. પંચોલી તરફથી ધર્મપત્ની હંસાબેનના સ્મરણાર્થે

## હેપ્પી બર્થ ડે........



રાજપીપલા નિવાસી શ્રીમતિ સુષ્માબેન યોગેશભાઈ પંચોલી તા. ૧૩.૯.૨૦૧૨ના રોજ એકાવનમાં વર્ષમા મંગલ પ્રવેશ કરે છે સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

## સમાજવાડીના ખીલેલા પુષ્પ



સુરત નિવાસી શ્રી સાગરકુમાર બાલમુકુંદભાઇ પંચોલીને ત્યાં પુત્ર રત્ન 'પ્રયાગ'નો જન્મ તા. ૨૦.૮.૨૦૧૨ ના રોજ થયો.

માતા : ભક્તિબેન

**Book Post**
**Printed Book**
**પ્રિન્ટેડ બુક**

**From :**
**Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 252852
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Ph. : (02646) (R) 291852(O) 252852,**
**Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**